Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિઃ ૐ

# હરિભાવ

Year : 19 - Issue : 10 July, 2015



જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ :-

હું, ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા, રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ. આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડદેહને છોડવા ઈચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણનાં કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ. મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગાએ, મૃત્યુ સ્થળની તદ્દન નજીકમાં કરવો અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગાં કરવાં નહિ, તેમ મારા સેવકોને હું ફરમાવું છું.

મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં. મારા નામનું ઈંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા'
- મોટા

તા. ૧૯-૭-૧૯૭૬
'ભગતમાં ભગવાન', છઠ્ઠી આવૃત્તિ, પૃ. ૫૨૭

અનુસંધાન ટાઈટલ પેજ - ૩



## પ્રભુમાર્ગે પ્રયાણ...



વૈરાગ્ય એ પ્રકૃતિનાં બંધન છેદવાનું મોટું હથિયાર છે. પ્રભુના માર્ગે ચાલતાં વિઘ્નો આવે, 'વાહ વાહ'નું પ્રલોભન આકર્ષે, પણ લેપાવું નહિ.

પરમાત્મા તરફ જવાની ઈચ્છા રાખવી. મનુષ્યે સાવધાન બનવું. ખોટું છોડીએ તો પ્રભુ હાથ ઝાલે. પ્રભુની કૃપા હોય તો છુટાય અને દિશા ન ભુલાય. વિવેક દૃઢ થયો હોય તો વૈરાગ્ય આવે અને ઈંદ્રિયના વિષયો તરફ ઉદાસીનતા આવે.

- મણિબા

*'મણિબાની પ્રકાશયાત્રા', બી, આ., પૃ. ૧૦૨*

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૧૯ અંક : ૧૦ જુલાઈ, ૨૦૧૫

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક :-**
**શ્રી સુરેશ વૉરા (મો.) ૯૪૨૭૫૫૪૩૯૧**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ.
બચત ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન :** (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, (૦૭૯)૨૭૫૪૩૬૯૯**
* Subject to Ahmedabad Jurisdiction

## અનુક્રમ

| | | | |
|---|---|---|---|
| ૧. | અમારી વીતક-કથા-અમને થયેલો અન્યાય ....... | શ્રીમોટા | ૪ |
| ૨. | સંત પૂજ્યશ્રી મણિબા ...................... | કાર્તિકેય ભટ્ટ | ૬ |
| ૩. | હરિવાણી ટ્રસ્ટને મળેલ દાન-ભેટ ............... | સંપાદક | ૭ |
| ૪. | પુનિત મહારાજ : (૧) ........................ | નરહરિ ન. દવે | ૮ |
| ૫. | વાણી : વચનબળ અંગે દાદાભગવાન .. | રણછોડભાઈ પટેલ | ૧૦ |
| ૬. | બુદ્ધિમાં ભક્તિ પ્રગટ્યા વિના રાગદ્વેષ નિર્મૂળ થાય નહિ. ..................... | શ્રીમોટા | ૧૧ |
| ૭. | હવેલી સંગીત અને પસ્તી ............... | ડૉ. સુધીર મોદી | ૧૨ |
| ૮. | અદેખો સદા દુઃખિયો ............. | શ્રીમન્નથુરામ શર્માજી | ૧૪ |
| ૯. | પૂજ્ય શ્રીમોટા : ઉત્કર્ષના દ્રષ્ટા ....... | બાબુભાઈ જ. પટેલ | ૧૬ |
| ૧૦. | 'પહેલાંનાં બૈરાં' .............................. | હરિશ્ચંદ્ર | ૧૮ |
| ૧૧. | કુદરતમાં વિવિધતા અને વિસ્તાર છે, ધર્મો-સંપ્રદાયોનું પણ એવું જ .................. | શ્રીમોટા | ૨૦ |
| ૧૨. | ખાદી ડેનિમ તથા ગ્રામોદ્યોગ ........... | વાડીભાઈ પટેલ | ૨૨ |
| ૧૩. | સ્ત્રીઓની ક્ષિતિજો વિસ્તરવી જોઈએ ......... | સાને ગુરુજી | ૨૫ |

### પ્રકાશન સહયોગ

અમદાવાદના બ્રહ્મલીન સંતશ્રી પૂજ્ય મણિબાને વિશાળ ભક્ત પરિવારે ગુરુપદે પ્રસ્થાપિત કરેલ છે. એ સંતની શીતળ છાયાનો અનુભવ જેઓએ કરેલ છે એવા અમદાવાદ નિવાસી પૂજ્ય શ્રીમોટાના સ્વજન પ્રો. **જયંતભાઈ હીરાલાલ શાહ પરિવાર** તરફથી પૂજ્ય મણિબાના જન્મદિન (૧૨-૬) તેમ જ ગુરુપૂર્ણિમા નિમિત્તે હરિભાવના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે એ બદલ અમો એમના ઘણા ઘણા આભારી છીએ.

**— સંપાદક**

## (૧) અમારી વીતક-કથા : અમને થયેલો અન્યાય

શ્રીમોટા

આ જીવ ગુજરાત વિદ્યાપીઠમાંથી ગુજરાત હરિજન સેવક સંઘમાં જોડાનાર સૌથી પ્રથમ વિદ્યાર્થી હતો. તેણે શ્રી ઇંદુલાલ યાજ્ઞિક સાથે તેમના મંત્રી તરીકે કામ કરેલું. વળી આશ્રમ તથા શાળા અને તે ઉપરાંત સંઘનું હિસાબી કામ ને પત્રવ્યવહારનું કામ (જે થોડા સમય માટે મળેલું) વિગેરે વિગેરે તો કરવાનાં હતાં જ.

કોઈક સંજોગોને કારણે શ્રી ઇંદુલાલ યાજ્ઞિકે હરિજન સેવક સંઘનું કામ મુકી દેવાનું કર્યું. તે કામનું કેન્દ્ર નડિયાદથી ગોધરા પલટાયું એક વખત એવો હતો કે જ્યારે ઉપરની બે સંસ્થાઓ એકી સાથે એક જીવ ચલાવી શકે તે અજુગતું મનાતું હતું.

નડિયાદનો હરિજન આશ્રમ તે શ્રી ઇંદુલાલની સંસ્થાઓમાંનો એક હતો અને નડિયાદની હરિજન શાળા તે ગૂજરાત વિદ્યાપીઠના વહીવટ તળે હતી. આ જીવ તે વેળા તે બંનેના મુખ્યપદે કામ કરતો હતો. શ્રી ઇંદુલાલે આશ્રમના વ્યવસ્થાપક તરીકે ૬૫/- રૂપિયાનું માસિક વેતન આપવાનું નક્કી કરેલું. પરંતુ તેમને આર્થિક ભીડ સદાય રહેતી. દર મહિને રોકડ રકમ મળે જ એવું તો કશું નહોતું. જોકે ગામડામાં કામ કરતા શિક્ષકોને ઘણું ખરું તો દર માસે રકમ મળી જતી. વિદ્યાપીઠની શાળાના કામ માટે માસિક રૂ. ૫૦/-નું વેતન પણ આ જીવ ને મળતું હતું.

‘હરિજન સેવકને આટલું બધું મોટું વેતન !’ એવી ફરિયાદ પૂજ્ય બાપુજી (ગાંધીજી) પાસે ગયેલી એટલે તેમણે આ જીવ ને તેમની કને બોલાવેલો અને પૂછેલું કે આપણા ગરીબ દેશમાં ગરીબોની સેવા કરવાનું વ્રત જેણે લીધું છે તેને આટલો મોટો પગાર પોસાય ખરો કે ?

મેં ત્યારે જણાવ્યું કે મારે કોઈ જીવનનિર્વાહનો કશો બીજો આધાર નથી. મારા મોટાભાઈ કેટલાય સમયથી હરિજનનું ને જાહેર રાજકીય પ્રવૃત્તિનું કર્મ કરતાં કરતાં ક્ષયના રોગથી પીડાતા આણંદની ડૉ. કુકની મિશન હોસ્પિટલમાં પડેલા છે. તે ઉપરાંત આ જીવ સાથે બીજા છ જીવોનું પાલન પોષણ કરવાનું છે. મારાં મા, ભાભી વિગેરે પણ જાતે ઘણી મહેનત કરે છે. તે બધી હકીકત પૂજ્ય બાપુજીને જણાવી. ત્યારે તેમણે પૂછેલું કે ‘બે સંસ્થાનું કામ તમે એકલા આટલી નાની ઉંમરે કેવી રીતે કરી શકો ?’ ‘William Pitt, the younger, was the Prime Minister of England at the age of 24. - વિલિયમ પિટ (નાનો) ઇંગ્લેન્ડના વડાપ્રધાન પદે ૨૪ વર્ષની ઉંમરે હતો.’ એવા મારા જવાબથી તેઓ ઘણા હસ્યા. ત્યાર પછી તેમણે કશું પૂછેલું નહિ, પરંતુ થોડા જ સમયમાં ગૂજરાત વિદ્યાપીઠ તરફથી મને હુકમ મળ્યો કે, ‘તમારે બે સંસ્થામાંથી ગમે તે એકમાં કામ કરવાનું નક્કી કરી લેવું.’ કારણ એમ જણાવાયું કે ‘તમારા એકલાથી બંને સંસ્થા પૂરેપૂરી યોગ્ય રીતે ન સંભાળી શકાય.’

આ પ્રસંગના બનાવ પછી માત્ર ત્રણેક માસ બાદ તે જ ઉપરની બંને સંસ્થા પાછી આ જીવને જ કામ કરવાને સોંપાયેલ હતી. વળી તે વેળા

આશ્રમમાં રાંધવા કરવાનું, પાણી ભરવાનું ને ભરાવવાનું પણ જાતે કરવાનું આવતું. શરૂ શરૂનો ગુજરાતમાં તે સૌથી પહેલો આશ્રમ હોવાથી છોકરાંને નહાવું કેમ, પહેરવું કેમ, ઊઠવું કેમ, ધોવું કેમ, વર્તવું કેમ, પથારી કેમ કરવી, જમવું કેમ - મતલબ કે તેમાંના એકેએક કામમાં આપણે જાતે હાજરી આપી ઊભા રહેવાનું હોય જ. આજની પેઠે તે વેળા વધારે માણસો પણ કામ કરનારાં ન હતાં. આશ્રમમાં પણ આ જીવ એકલો હતો. વળી તે વેળા આ જીવને શરીરે હિસ્ટીરિયાનો (જોકે પાછળથી એને ફેફરુનો રોગ જણાવાયો હતો-સં.) રોગ લાગુ પડેલો. તે હકીકત સંઘના બીજા ઊપરી જવાબદાર ભાઈઓ જાણતા હોય, તેમ છતાં કોઈનાં દિલમાં એમ નથી થતું કે આ ભાઈને બે સંસ્થાનો કારભાર સોંપેલો છે ને તેના શરીરની સ્થિતિ તેને પહોંચી વળવાને યોગ્ય પ્રકારની નથી, તો તેને બેમાંથી એક સંસ્થાનો કારભાર સોંપીએ તો ઉત્તમ. અંતે ખેંચાય ત્યાં સુધી ખેંચેલું ને આ જીવથી જ્યારે થઈ જ ન શકે એવી દશા શરીરની બની તે વેળા તેણે જાતે અરજી કરેલી કે હવે બે સંસ્થામાંથી એકનો કારભાર સોંપાય તો ઉત્તમ. પછી તેમાંથી આશ્રમને કાઢી નાખી માત્ર એકલી શાળાનો કારભાર આ જીવને સોંપાયો.

**અન્યાય પરત્વે પોતાનું વલણ**

આવી હકીકત બની ત્યારે મારા એક ગત પામેલા સ્નેહી રોજ મને ટકોરતા કે, 'સાલા ! તું તો બાયલો છે. તું તો મોટાં મોટાંની શેહમાં તણાયેલો ફરે છે. તારી જૂની કારકીર્દિ જોતાં તને એક માત્ર નાની નિશાળના માસ્તર તરીકે નીમ્યો છે, તેની તને શું નાનમ નથી લાગતી ? તારું આવું થયેલું અપમાન તું કેમ સાંખી શકે છે ? તારા પછીથી નવા નવા આવેલા આશ્રમના વ્યવસ્થાપક થઈ બેઠેલા છે. ને તું તો તેનો તે બાબતમાં વિરોધ પણ ઊઠાવતો નથી. તે તારું કેવું નમાલાપણું છે ?' પણ એને હું જવાબ દેતો કે 'ભાઈ ! આપણે તો જ્યાં ત્યાંથી કામ કરવાનું છે ને ? પછી આપણે ગમે ત્યાં હોઈએ, ને ગમે તે પદે હોઈએ તેનું કશું જ મહત્ત્વ નથી. આપણે મહત્ત્વ તો કામ કરવા સાથે છે ને ?' તેમ છતાં તે ભાઈનું મન સંતોષાતું ન હતું.

**અન્યાયમાં પ્રભુકૃપા**

પણ મને જે ૬ વર્ષ શાળાના કામનાં મળ્યાં, તે તો પ્રભુની અનહદ કૃપા હતી. જો તેમ ન બનેલું હોત ને આશ્રમનું કામ મળ્યું હોત તો આ જીવથી સાધનાના ભાવમાં પૂરેપૂરી રીતે પડી શકાયું ન હોત. આશ્રમમાં રહેવાનું બન્યું હોત તો તો રાતે પણ કામમાં ત્યાં રહેવાપણું બનત આ તો નિશાળનું કામ હોવાથી રાતે છૂટ્ટો. તેથી રોજ રાતે નડિયાદનાં સ્મશાનાદિ એકાંત, શાંત જગ્યાઓમાં જ ગાળવાનું પ્રભુકૃપાથી બનતું.

જો કે રોજ સાંજે જમીને રાતે હરિજનવાસમાં જતો. ત્યાં રામાયણ મહાભારતની વાતો કરતો. વિદ્યાર્થીઓ પાસે ધૂન, ભજનો આદિ કાર્યક્રમ ચલાવતો પણ કહેવાનું તાત્પર્ય તો એ છે કે મારા સ્નેહી મને થયેલા ભારે અન્યાયની વાત કહેતા હતા પણ તે અન્યાયના હાર્દમાં તો આ જીવના કલ્યાણનો જ શ્રી પ્રભુનો એકમાત્ર હેતુ હતો. નડિયાદના રહેઠાણનાં ૬ કે ૭ વર્ષ એકલી સાધનાના ભાવથી પ્રભુકૃપાથી વીત્યાં તે કંઈ નાનોસૂનો લાભ નથી.

'જીવનપોકાર', બી. આ., પૃ. ૧૧૯ ❑

# (૨) સંત પૂજ્યશ્રી મણિબા

કાર્તિકેય અ. ભટ્ટ

જેઓશ્રીનું જીવન આપણને અધ્યાત્મ માર્ગનો ઉપદેશ આપે તેવું હતું, એવા મહિલાસંત પૂજ્ય શ્રી મણિબાનો જન્મ અમદાવાદમાં નરોડા મુકામે તા. ૧૨, જૂન ૧૯૦૬ના રોજ એક સમૃદ્ધ પાટીદાર કુટુંબમાં થયો હતો. શતાયુ મણિબા તા. ૩૦ માર્ચ ૨૦૦૬ના રોજ ગુડીપડવાના શુભદિને બ્રહ્મલીન થયાં હતાં.

મણિબાના સંપર્કમાં અનેક સાધકો, ભક્તો, ચાહકો અને મુલાકાતીઓ આવ્યા હતા. વિદુષી ઈન્દિરા બેટીજી અને પ્રખર તત્ત્વચિંતક વિમલાબહેન ઠકારે પણ મણિબાની મુલાકાત લીધી હતી. ઈન્દિરા બેટીજીના શબ્દો હતા કે જેને બધાં માન આપે તે મા-મણિબા. વિમલા ઠકારે કહેલું કે પ્રેમસ્વરૂપ મણિબાએ યોગ અને ભક્તિનો અનુપમ સમન્વય સાધ્યો છે. મણિબાએ તેમના સંપર્કમાં આવનાર અનેકને યોગાસનો અને પ્રાણાયામની પદ્ધતિસરની તાલીમ આપી હતી અને સાથે સાથે ભક્તિમાર્ગે વાળ્યા હતા.

મણિબાના જીવનમાં ૧૮ વર્ષની વયે આવી પડેલા અણધાર્યા વૈધવ્યના આઘાતમાંથી બહાર આવતાં તેઓને મનોમન સંકલ્પ ઊઠ્યો કે 'સ્વાધીન બનવું છે. સ્વતંત્ર રીતે જીવવું છે. જીવનનિર્વાહ માટે બીજા પર આધાર રાખવો પડે તો મારી દૃષ્ટિ પ્રમાણે જીવન જીવી નહિ શકાય.' શ્રીમંત ઘરની દીકરી અને એવા જ પરિવારની પુત્રવધૂ હોવા છતાં પોતાના પગ ઉપર ઊભા રહેવાના સંકલ્પ સાથે મુંબઈની ટ્રેઈનીંગ કૉલેજમાં વિદ્યાભ્યાસ કરીને પવિત્ર એવા શિક્ષણના વ્યવસાયને પોતે કર્મયોગ તરીકે અપનાવ્યો હતો. સ્વાતંત્ર્ય ચળવળમાં પણ ગાંધીજી સાથે ભાગ લીધો અને ત્રણવાર જેલવાસ પણ ભોગવ્યો. સ્વાતંત્ર્ય સેનાની તરીકે મળતા આર્થિક કે અન્ય કોઈ પણ પ્રકારના લાભ મણિબાએ લીધા ન હતા.

ઈડર પાસે એક શાળામાં દસ રૂપીયાના વેતનથી નોકરીની શરૂઆત કરેલી. ત્યાં પર્વતની નજીકના તળાવમાં રોજ કપડાં ધોવા જવાનું હતું. એક વખત વાઘની ત્રાડ સંભળાઈ. એટલે સાથેના બીજાં બધાં સલામત સ્થળે ખસી ગયાં પણ મણિબાની કુદરતી નિર્ભયતાના ગુણે તેમજ પોતે વાઘનું કશું જ બગાડ્યું નથી એટલે એ મને કશું કરશે નહીં એવી આધ્યાત્મિક સમજના સહારે ત્યાં જ ઊભાં રહ્યાં અને ખરેખર વાઘ તેમને કશું નુકસાન કર્યા વિના થોડાંક કપડાં લઈને ચાલ્યો ગયો હતો.

મણિબાના જીવનમાં સાધુસંતો સાથેના સત્સંગના પ્રસંગો પણ હતા. ગિરનાર પર દત્તાત્રેય ટૂંકના પ્રવાસ બાદ પાછા ફરતાં એક શિલા ઉપર બેઠેલા તપસ્વી સાથે અદ્‌ભુત સત્સંગ-વાર્તાલાપ થયો હતો. મણિબાની ઈચ્છા ત્યાં રોકાઈ સાધના કરવાની હતી પરંતુ તપસ્વીએ જણાવ્યું કે જ્યાં છો ત્યાં રહીને હજી ઘણું કર્મ કરવાનું છે પણ ભગવાનની મહેરબાનીથી ભગવદ્‌દર્શન પ્રાપ્ત થશે.

આ પ્રવાસમાં જ ચોરવાડના કેસર કેરીના વહેપારી યુવક બાબુલાલનો ભેટો થતાં નજીકમાં આવેલા તેમના ગુરુજી પાસે તેઓ મણિબાને લઈ ગયા હતા. ત્યાં આખી રાત સત્સંગ થયો હતો. તે પછી બ્રાહ્મમુહૂર્તમાં આ યુવક એક સિધ્ધપુરુષ પાસે મણિબાને લઈ ગયા. યોગાનુયોગ એ એજ સિધ્ધપુરુષ હતા જેઓએ દત્તાત્રયની યાત્રા કરી પાછા વળતાં દર્શન આપ્યાં હતાં. આ વખતે પણ સિધ્ધપુરુષે મણિબાને હૈયાધારણ આપી, ભવિષ્યના ઉજ્જવળ જીવનનો અણસાર આપ્યો હતો.

**(અનુસંધાન પૃ. ૧૯ પર)**

## (૩) 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | બ્રહ્મલીન સંત પૂજ્યશ્રી મણિબાના જન્મદિન (૧૨-૬) અને ગુરુપૂર્ણિમા નિમિત્તે જ્ઞાનદાન હસ્તે પ્રો. જયંતભાઈ હીરાલાલ શાહ | અમદાવાદ | ૧૧,૧૧૧/- |
| ૨. | સદ્‌ગત સીતાબહેન ઈન્દ્રવદન ગાંધીની પુણ્યસ્મૃતિમાં હસ્તે ઈન્દ્રવદન મોહનલાલ ગાંધી | અંકલેશ્વર | ૫,૦૦૦/- |
| ૩. | સદ્‌ગત જીવનસાથી જયેશકુમાર રમાકાંત જોષીના કલ્યાણ અર્થે હસ્તે અલકાબહેન જોષી | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૪. | સદ્‌ગત વડીલબંધુ મનસુખભાઈ જોષીની જન્મ તારીખ (૧/૬) નિમિત્તે હસ્તે શ્રી ગિરધરભાઈ ત્રિભોવનદાસ જોષી | કામરેજ | ૨,૫૦૦/- |
| ૫. | મહેન્દ્રભાઈ મોહનલાલ મોદી (જન્મદિન-૨૦-૬-'૪૬)નિમિત્તે | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૬. | જયંતીભાઈ જાનીના ૮૦મા જન્મદિન (૭-૭-'૩૬) નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૭. | સદ્‌ગત ચિ. દીપકની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે જગુભાઈ બી. પટેલ | સુરત | ૧,૦૦૧/- |
| ૮. | સદ્‌ગત કપિલાબહેન રમણલાલ પૂજારાના દેહાવસાન (૫-૬) નિમિત્તે હસ્તે અશોકભાઈ આર. પૂજારા | સુરત | ૧,૦૦૧/- |
| ૯. | ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ એક કાર્ય સંપન્ન થયા નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૦. | બિમલભાઈ ડી. મિસ્ત્રી હસ્તે માતુશ્રી કપિલાબેન મિસ્ત્રી | સુરત | ૫૦૧/- |
| ૧૧. | એક સ્વજન જન્મદિન (૧૮-૬) નિમિત્તે | નરોડા | ૫૦૧/- |
| ૧૨. | દિનેશભાઈ એલ. પટેલ | નરોડા | ૫૦૧/- |
| ૧૩. | દક્ષાબહેન શૈલેશભાઈ ગજ્જર | સુરત | ૫૦૧/- |
| ૧૪. | દીપિકાબહેન પ્રકાશભાઈ બારડોલિયા | સુરત | ૫૦૧/- |
| ૧૫. | ઈશિતા વિમલ રાશીવાલા | સુરત | ૫૦૧/- |
| ૧૬. | રંજનબહેન પ્રમોદભાઈ ગુજરાતી | સુરત | ૫૦૧/- |
| ૧૭. | ચિ. સમર્થ અનંત શાહ | સુરત | ૫૦૧/- |
| ૧૮. | મયૂરી રમેશચંદ્ર આસમાનીવાળા | સુરત | ૫૦૧/- |
| ૧૯. | ચંપાબહેન હરેશભાઈ રેડિયાવાળા | સુરત | ૫૦૧/- |
| ૧૯. | સદ્‌ગત માતુશ્રી કુસુમબહેનના સ્મરણાર્થે (૮-૬) નિમિત્તે હસ્તે પરેશ જયંતીલાલ શાહ | મણિનગર | ૫૦૦/- |
| ૨૦. | ડૉ. પ્રવીણસિંહ રાયસિંહ વાંસદિયા જન્મદિન (૫-૭)નિમિત્તે | સુરત | ૫૦૧/- |
| ૨૧. | ઠાકોરભાઈ છોટાલાલ લાપસીવાળા | સુરત | ૫૦૦/- |
| ૨૨. | મનુભાઈ મોહનલાલ શાહ | સુરત | ૨૫૧/- |
| ૨૩. | ચિ. ઉક્તિ ધોરણ ૧૦માં ઉત્તીર્ણ થવા નિમિત્તે હસ્તે હનિશ કે. ગાંધી | અમદાવાદ | ૨૫૧/- |
| ૨૪. | શૈલેશ પી. મહાદેવીઆ | મુંબઈ | ૨૫૦/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

## (૪) પુનિત મહારાજ : (૧)

**નરહરિ ન. દવે**

*[ પુનિત મહારાજ અંગે **'પ્રભુનો પ્રતિનિધિ'**ના શિર્ષક હેઠળના પ્રકાશનની બીજી આવૃત્તિ જુલાઈ ૧૯૯૯ના આધારે સંકલિત અંશો 'હરિભાવ'ના વાચકો માટે પ્રકાશિત કરવાની ભાવનાનો આ પ્રારંભ છે. -સંપાદક ]*

ધંધુકાના વાલમ બ્રાહ્મણ શ્રી નારાયણદાસ વૃન્દાવનદાસ ભટ્ટ જૂનાગઢ શહેરમાં મોજણીદાર (સર્વેયર) તરીકે નાગરવાડામાં રહેતા હતા. દર મહિને પગાર તો રૂ. પંદરનો હતો પણ એ સમયે રૂપિયો ગાડાના પૈડા જેવો ગણાતો હતો. પણ ખરી અમીરાત તો હતી નારણદાસની નીતિનિષ્ઠામાં. પાછલે બારણેથી પણ અધર્મની-અનીતિની એક પાઈ પણ ઘરમાં ઘૂસી ન જાય એની સતત તકેદારી તેઓ રાખતા હતા.

પિતાના આ સંસ્કાર પુત્ર ભાઈશંકરમાં પણ ઊતર્યા હતા. વિદ્યાભ્યાસ પૂરો થતાં ભાઈશંકરને નોકરીએ વળગાડી દીધો અને બાળલગ્નના એ કાળમાં એમના લગ્ન પણ સંસ્કારી કન્યા લલિતાદેવી સાથે ગોઠવાઈ ગયાં લલિતાદેવી ધર્મ પ્રત્યે અખૂટ આસ્થા ધરાવતાં હતાં.

ગિરનારના જોગંદરો વહેલી પરોઢે ઊઠીને અહાલેક જગાવતા હોય એવી પુનિતપળે લલિતાદેવીએ ભક્તબાળકને જન્મ આપ્યો. એ દિવસ હતો સંવત ૧૯૬૪ના વૈશાખ માસની વદ બીજનો. તારીખ હતી ૧૯ મે ૧૯૦૮. આ બાળક-બાલકૃષ્ણ એ જ ગુજરાતના પ્રસિદ્ધ સંતશ્રી પુનિત મહારાજ

બાલકૃષ્ણ ભાંખોભડિયા ચાલતાં શીખ્યો ત્યારથી લલિતાદેવી એને મંદિરે સાથે લઈ જવા લાગ્યાં. બાળપણના સંસ્કારની છાપ વ્રજલેપ હોય છે. મંદિરમાં થતાં ભજનોના સ્વરો સાંભળી એના તાનમાં નાનકડો બાળક માથું ડોલાવવા લાગ્યો. બાલકૃષ્ણ ચાલતાં શીખ્યો, થોડું સમજતાં શીખ્યો એટલે સાંજે આરતી ટાણે માતાનો હાથ પકડી મંદિરે લઈ જવાનો આગ્રહ કરવા લાગ્યો. વળી આંગણે આવતા અભ્યાગતને લલિતાદેવી ભાવપૂર્વક જમાડતાં. એ વખતે બાલકૃષ્ણ રામરોટી પીરસાવતો અને જળપાત્ર ભરી દેતો. ભાઈશંકર પણ પત્નીના આ સત્કાર્યમાં સ્નેહપૂર્વક સહકાર આપતા.

ભાઈશંકરના પ્રેમાળ સ્વભાવના કારણે કુતિયાણાના એક મેમણ સદ્ગૃહસ્થ સાથે મિત્રતા થતાં, મિત્રભાવે ભાઈશંકરની મામુલી પગારની નોકરીના બદલે પરદેશ જવાની સલાહ આપી અને કોલંબોમાં પોતાના એક સગાની જ દુકાનમાં ગોઠવી દેવાની દરખાસ્ત કરી. ધર્મપત્ની લલિતાદેવીએ પણ તકલીફ વેઠવાની તૈયારી દર્શાવી. બે પૈસા ભેગા થતાં પત્નીને અને નાનકડા બાલકૃષ્ણને કોલંબો પોતાની પાસે બોલાવી લેશે એવી હૈયાધારણ આપી ભાઈશંકર કોલંબો પહોંચી ગયા.

કોલંબોમાં નિયત સ્થળે નોકરી તો મળી

ગઈ પણ ત્યાંના હવાપાણી ભાઈશંકરને માફક ન આવ્યાં. થોડાક સમય પછી તબિયત બગડી. બિમારીમાં પૈસા ખર્ચીને ઉપચાર કરવા છતાં કોઈ સુધારો ન જણાતાં સારા પગારની નોકરી છોડી ઘરે પાછા આવી જવું પડ્યું. સુખ-સમૃદ્ધિની આશા કડડભૂસ કરતી તૂટી પડી. આખો રોટલો રળવા જતાં, મળતો અડધો રોટલો પણ ખોયો. એની વેદના ભાઈશંકર લલિતાદેવી સમક્ષ વ્યક્ત કરતા હતા. ધર્મપત્ની લલિતાદેવી સુપાત્ર પત્ની હતી. બિમાર પતિને એ આશ્વાસન આપતી કે તમે સારા માટે પરદેશ ગયા હતા. પુરુષાર્થ પણ દિલ દઈને કરતા હતા પણ પરિણામ તો હરિને હાથ હોય છે. દરિદ્રતામાં ઈશ્વરભજન સારી રીતે થશે. માતા પાર્વતી પણ પુત્રને આશ્વાસન આપતાં અને દિલ દઈને સારવાર કરતાં હતાં.

ભાઈશંકરને મૃત્યુના આગમનની જાણ જાણે થઈ ગઈ હોય તેમ તે કહેતા કે જીંદગીના કોડિયામાં પ્રાણનું તેલ ખૂટી ગયું છે. બુઝાવાની વેળાના આ આખરી ઝબકારા છે. છ વર્ષના બાલુને પોતાની પાસે બોલાવી સ્નેહભર્યો હાથ તેની પીઠ ઉપર ફેરવતાં ફેરવતાં કહ્યું કે હવે તો તું એક જ તારી માતાનો આધાર રહેવાનો છું, જનેતાનું જતન કરજે, એની આંતરડી ઠારજે. નાની વયે મોટી સમજણ ધરાવતો બાલકૃષ્ણ સમજી ગયો કે ન બનવાનું અવનવું બનવાનું છે. આંખમાં આવેલ ઝળઝળિયાના પારદર્શક પડદામાંથી પિતાના મુખ સામે બાળકે દૃષ્ટિ કરી. લલિતાદેવીનું હૈયું ભરાઈ આવ્યું. ગળામાંથી ધીમેરું ધ્રુસકું નીકળી ગયું. માતાજીએ હૈયા ઉપર પત્થર મૂકી બોલ્યા, વહુ બેટા ! રડો નહિ અંતિમ વેળાએ તો ભગવાનનું નામ સ્મરણ જ કરવાનું હોય.

'શ્રીકૃષ્ણઃ શરણં મમ'ની ધીરા સ્વરે લલિતાદેવીએ ધૂન બોલવા માંડી. પાર્વતિમાં પણ સ્વસ્થ સ્વરે સૂર પુરાવવા લાગ્યાં. બાલકૃષ્ણ પણ પ્રસંગના પડછાયાને પિછાણી ગયો હતો. એણેય ધીરે સ્વરે ધૂનમાં સાથ આપવા માંડ્યો. ત્યાં તો પાર્વતીમાના મુખમાંથી શબ્દ નીકળ્યો, 'વહુ બેટા ઘીનો દીવો પ્રગટાવો. બાલકૃષ્ણ ! તું તુલસી ક્યારે જઈ જલદી જલદી તુલસીનાં પાન લઈ આવ.' એ ભક્તિમય વાતાવરણમાં ભાઈશંકરનું પ્રાણપંખેરું પરલોકને પંથે પ્રયાણ કરી ગયું.

માત્ર ઓગણીસ વર્ષની ભર જુવાન વયે સંવત ૧૯૭૦ના જેઠ સુદી ૮ના દિવસે માતા, પત્ની અને પુત્રને ભગવાન-ભરોસે મૂકી ભાઈશંકરે અંતિમ વિદાય લીધી. માની ટેકણ લોકડી ભાંગી ગઈ. પત્નિનો સૌભાગ્ય સૂરજ આથમી ગયો અને બાળકની છત્રછાયા ઝૂંટવાઈ ગઈ.

મારો બાલુ કાલે સવારે મોટો થઈ જશે અને દુઃખ પછી સુખ આવે છે, એ સંસારી ઘટમાળની આશાએ લલિતાદેવી કપરા દિવસો પસાર કરી રહ્યા હતા. બાળકને આંગળીએ વળગાડી મંદિરે લઈ જતા અને એની જીભે શ્રીકૃષ્ણનો શબ્દોચ્ચાર દૃઢ કરાવી રહ્યાં હતાં. જીભના આસન પર ઠાકોરજીનું પુનિત નામ જ વિરાજેલું હોય ત્યાં છ વર્ષના અન્ય બાળકોની જેમ એના જીવનમાં ધક્કામુક્કી, ગાળાગાળી કે મારામારી હોય જ ક્યાંથી ? (ક્રમશઃ)

## (૫) વાણી : વચનબળ અંગે દાદા ભગવાન

સં. રણછોડભાઈ પટેલ

આત્માર્થ સિવાય બીજા કોઈ અર્થે અમારી વાણી ના હોય. તેથી અમે તેને મૌન કહીએ છીએ. મૌન પાળે તે મુનિ.

હિત, મિત અને પ્રિય- આ ત્રણના ગુણાકારવાળી વાણી તે સત્ય છે અને બીજી બધી અસત્ય છે. વ્યવહારમાં આ નિયમ લાગુ પડે છે.

જૂઠું બોલે, પ્રપંચ કરે એ બધો વાણીનો અપવ્યય કહેવાય. એનાથી વચનબળ તૂટી જાય. એકલું સત્ય બોલે પણ સત્યનો આગ્રહ ન પકડી રાખે તો વચનબળ પાછું ઉત્પન્ન થાય. બાપ, દીકરાને કહે કે ભાઈ ! ઊભો થા તો, ત્યારે દીકરો આડો થઈને સૂઈ જાય. તો વચનબળ ક્યાં રહ્યું ? વચનબળ ગયું કારણ કે વાણીનો અપવ્યય થયો.

આ દુનિયામાં બેધ્યાન વાણી સહત્ર કલેશ સર્જે છે. અપશબ્દથી કર્મબંધ નખાય. કેટલાક શબ્દોથી ફાંસી જેવું દુઃખ થાય. માટે વિચારીને બોલવું. કબીર કહે છે :

*'શબ્દ જો ઐસા બોલિયે, તનકા, આપા ખોય,*
*ઔરન કો શીતલ કરે, આપન કો સુખ હોય.'*

એવી વાણી બોલો કે બોલતી વખતે અહંપણાને ભૂલીને પ્રેમદૃષ્ટિથી જ બોલો કે જેથી બોલનારને સુખ થાય અને સાંભળનારને પણ શાંતિ થાય.

તથ્ય, પથ્ય અને પ્રિયકર શબ્દો બોલવા. ખરી વાત હોય તે જ બોલો અને તે વાતથી કોઈને ફાયદો થાય તેમ હોય તો જ બોલો. તે પણ કઠોર નહીં પણ પ્રિય શબ્દોમાં બોલો.

વાણી એ રેકર્ડ સ્વરૂપ છે. વાણી જડ છે. પહેલાંથી આ વાણીની આખી પટ્ટી ઊતરી ગયેલી હોય. સંયોગ મળતાં વાણીની રેકર્ડ શરૂ થઈ જાય છે. છતાં માણસ કહે છે કે, 'હું બોલ્યો'.

તમે દઢ નિશ્ચય કરો કે ધણીની સામે કે સાસુની સામે બોલવું નથી પણ બોલાઈ જાય છે કે નહીં ? આપણી ઈચ્છા તો નહોતી. ત્યારે એ તો રેકર્ડ બોલે છે.

જો તમારી સત્તાની વાણી હોય તો તમે ધારો તેવી જ વાણી નીકળે. પણ એવું બને છે ? તમારામાં બોલવાની સત્તા જ નથી. અમારી વાણી ચેતન-પ્રગટ પરમાત્માને સ્પર્શીને બહાર નીકળે છે તેથી ચેતન છે. **વીતરાગને ઓળખવાની સાદી રીત તેની વાણી છે. જ્ઞાનીની વાણી ચેતન હોય છે. તે નિશ્ચેતનને ચેતન કરે.**

જ્ઞાનીને વાણી પર માલિકીભાવ ન હોય. બધું બોલાય છે પણ એક અક્ષરેય તે બોલતો નથી. તેનાથી કોઈ જીવને કિંચિત માત્ર દુઃખ ના થાય. વાણી ચેતન હોઈ શકે જ નહીં પણ અમારી વાણી સંપૂર્ણ શુદ્ધ ચેતનને સ્પર્શ કરીને નીકળે છે એટલે ચેતન જેવી જણાય છે. આત્માનો સ્પષ્ટ અનુભવ થયો હોય તો જ એ નીકળે ત્યાં સુધી બુદ્ધિની, વ્યવહારની વાણી કહેવાય.

આપણે વાણીનો દુરુપયોગ કર્યો, જૂઠું બોલ્યા, લોકોને ખખડાવ્યા, પ્રપંચ કર્યો, કૂતરાને બીવડાવ્યું એટલે વચનબળ જતું રહ્યું. એક પણ શબ્દ મશ્કરી માટે, સ્વાર્થ માટે, પોતાનું માન વધે એ માટે ન બોલાયો હોય ત્યારે વચનબળ ઉત્પન્ન થાય છે. વાણી માત્ર ખુલ્લો અહંકાર છે. 'હું કેવું બોલ્યો ?' એ વાણીનો પરિગ્રહ છે. 'હું બોલું છું.' એ ભાન છે. તેનાથી નવું બીજ પડે છે, જ્યારે મોઢાં પર ભાવ-અભાવ ન દેખાય ત્યારે વાણીનું માલિકીપણું છૂટી જાય છે. આ સંસારની જંજાળ જ શબ્દમાંથી ઊભી થયેલી છે. મૌનથી ખૂબ શક્તિ વધે અને બીજા સાથે સંઘર્ષ અટકી જાય. મૌન વખતે બોલે નહીં ને લખે તે પણ વાણી છે. ઈશારો કરવો એ પણ વાણી છે. મહીંની ચંચળતા બંધ થવી જોઈએ.

'દાદા ભગવાનનું તત્ત્વ દર્શન', પ્ર. આ., પૃ. ૮૫ સંકલન ❑

## (૬) બુદ્ધિમાં ભક્તિ પ્રગટ્યા વિના રાગદ્વેષ નિર્મૂળ થાય નહિ

**શ્રીમોટા**

રાગદ્વેષ તો ધાડપાડુઓ, ડાકુઓ અને લૂંટારા છે. એને મોળા પાડ્યા સિવાય શ્રેયાર્થીની જીવનના ઊર્ધ્વમાર્ગ પરત્વેની વિકાસની ગતિ સાચી રીતે થઈ શકતી નથી.

રાગદ્વેષ જીવનમાં કેટકેટલી રીતે અશાંતિ, કલેશ, સંઘર્ષણ પેદા કરે છે અને ચિત્તને વિક્ષિપ્ત કરી નાંખે છે, તેનું જીવતુંજાગતું ભાન પ્રેરાવવાને માટે રાગદ્વેષ ઉપર શ્રીપ્રભુકૃપાથી લખાયું છે.

રાગદ્વેષના અનેક સૂક્ષ્મ પ્રકારો અને ભેદો પણ છે. સ્થૂળ અને સૂક્ષ્મ એવા મુખ્ય ભેદ તો ખરા જ. સ્થૂળ ભૂમિકા ઉપર રાગદ્વેષ શ્રેયાર્થીને અવરોધકર્તા અને નડતરરૂપ છે. સૂક્ષ્મ ભૂમિકામાં પણ રાગદ્વેષનું સૂક્ષ્મપણું વધારે જોરદાર હોય છે.

**શ્રેયાર્થી તો હંમેશાં સતત મથનાર જીવ છે.** તે કદી પણ જીવનમાં સલામત સ્થિતિમાં પડી રહી શકવાનું જાણે જ નહિ. શ્રેયાર્થીને અંતરમાં અંતરથી લાગી જતું હોયછે કે આવા ચોર, ડાકુ, ધાડપાડુને હરાવ્યા વિના કદી પણ આગળ ડગલું ભરી શકાવાનું નથી. રાગદ્વેષને હટાવવાને સદાય શ્રેયાર્થી મર્દાનગીથી હિંમતથી, શૌર્યથી, ધીરજથી, ખંતથી, ઉદ્યમથી અને ચીવટાઈથી એકધારો સતત મથ્યા જ કરતો હોય છે.

રાગદ્વેષને હટાવવાનું એક માત્ર નિશાન શ્રેયાર્થીનું હોય તેના કરતાં તેને હટાવવા માટે જે આંતરિક બળની જરૂર પડે તે કેળવવા માટે તે મથતો હોય છે અને તે માટે જ્ઞાનભક્તિપૂર્વક સદાય ભાવનાશીલ પ્રાર્થનાશીલ તે રહેતો હોય છે... રાગદ્વેષમાં જે મૂળ કારણો હોય છે તે મૂળ કારણોને જ નાબૂદ કરવા તે હંમેશાં તત્પર રહે છે.

રાગદ્વેષને માત્ર બુદ્ધિના બળથી હરાવી નહિ શકાય. પરંતુ તેની સાથે સાથે ચેતના પરત્વેની શ્રેયાર્થીની જ્ઞાનપૂર્વકની ભક્તિ કેળવાતી જતી હોવી જોઈશે. જીવનની એવી ભક્તિની શક્તિ અપરંપાર છે. આવી ભૂમિકામાં શ્રેયાર્થીની જીવનની શક્તિ બઢતી જતી હોય છે. તે રાગદ્વેષ પ્રકારના એવા અનેક અવરોધોને નિર્મૂળ કરવાને શક્તિમાન હોય છે. **બુદ્ધિમાં ભક્તિ પ્રગટ્યા વિના રાગદ્વેષ કદી પણ નિર્મૂળ થઈ શકતા નથી.**

રાગદ્વેષ ઉપર લખતો હતો ત્યારે એક મિત્રે ખાસ કહ્યું કે, 'મોટા રાગદ્વેષ મોળા પડતા જતા હોય. એ કેવી રીતે સમજાય ? અને એનાં લક્ષણો કેવા કેવાં હોય ? તે વિશે પણ લખો તો સારું.' એટલે એ વિશે પણ થોડુંક વિસ્તારથી લખ્યું છે ખરું. વળી શ્રી એ. જી. ભટ્ટ સાહેબે મને કહ્યું કે, 'મોટા, રાગદ્વેષ મોળા કેવી રીતે પડે એ વિશે પણ લખો તો સારું.' એટલે એ વિશે પણ ભગવાનની કૃપાથી સારું સ્પષ્ટીકરણ થયું છે.

માણસને જ્યારે કંઈ કશું ઘણું ઘણું ખૂંચે ત્યારે જ તેમાંથી મુક્ત થવાને પ્રેરાય છે. તેવી જ રીતે શ્રેયાર્થીને જીવનમાં કાંટાની પેઠે આ રાગદ્વેષ ખૂબ ખૂંચતા અને સાલતા થયા હશે, તો જ તેને મોળા પાડવાનું બની શકશે, નહિતર નહિ.

'રાગદ્વેષ', પ્ર.આ.માંથી સંકલન

'બે બોલ' શ્રીમોટા, પ્ર.આ.પૃ.૧૧૬ ❑

## (૭) હવેલી સંગીત અને પસ્તી

**ડૉ. સુધીર સી. મોદી**

થોડા દિવસો પહેલાં દવાખાને શરદભાઈ આવ્યા. અમારા જૂના પાડોશી. ઉંમર પણ લગભગ ૭૨ની. એકવડિયો બાંધો, કાળા વાળમાં થોડીક સફેદ ઝાંય, ચશ્માં પાછળ ચમકતી આંખો અને હસુ હસુ થતો ચહેરો. જૂના પાડોશી મળે ત્યારે હૃદયમાં એકદમ ઉમળકો આવે અને બંનેના ચહેરા પર આનંદ છવાઈ જાય. પ્રેમ અને સંબંધોની મીઠાશ આપોઆપ બહાર આવી જાય.

ખુશખબર અને કુટુંબના સમાચારો પૂછ્યા બાદ સવાલ કર્યો, 'હવે, રિટાયર્ડ થયા બાદ શું કરો છો ?'

'પસ્તી ઉઘરાવું છું !'

'પસ્તી ઉઘરાવું છું એટલે ?'

'કેમ વળી, ઘેર ઘેર જઈ પસ્તી ઉઘરાવું છું.'

મેં કહ્યું, 'મને તમારી વાતમાં સમજણ ના પડી. આ ઉંમરે ઘેર ઘેર ફરી પસ્તી ઉઘરાવવાની વાત મગજમાં બેસતી નથી.'

શરદભાઈ બોલ્યા : 'આપણે રહ્યા વૈષ્ણવ. શ્રીનાથજીનાં ભક્તિભાવથી દર્શન, પૂજા-ભજન કરીએ. આપણા વૈષ્ણવ મંદિરોમાં અષ્ટ પ્રહરનું હવેલી સંગીત ભક્તિથી અને ભાવથી ગવાય છે. આપણા અમદાવાદમાં શ્રી વિઠ્ઠલદાસ બાપોદરા હવેલી સંગીતના જ્ઞાતા અને ગાનાર હતા. તેઓ થોડાં વર્ષો પહેલાં અવસાન પામ્યા. તેમની એક ખૂબ સરસ ભાવના અને ઈચ્છા હતી કે હવેલી સંગીત લુપ્ત ના થવું જોઈએ. વૈષ્ણવોને તે શીખવા એક કાયમી સારું સ્થળ બનાવવું જોઈએ.'

મેં કહ્યું : હા, હવેલી સંગીતની પરંપરા ચાલુ રહે તે ઉત્તમ કહેવાય.

શરદભાઈ : મને અને મારી પત્ની ઉમાને આ શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાની ભાવના મગજમાં બેસી ગઈ. શ્રી વિઠ્ઠલદાસના પૌત્ર શ્રી મંગલદાસ બાપોદરા ખૂબ જ ધાર્મિક ભક્તિભાવવાળા છે અને દાદા પાસેથી હવેલી સંગીત શીખીને તેમનો વારસો જાળવી રાખ્યો છે. આપણા ઘણા વૈષ્ણવોને આ હવેલી સંગીત ભક્તિથી ઘરે ઠાકોરજીની પૂજા કરતી વખતે ગાવાની ઈચ્છા હોય છે અને શીખવાની ભાવના હોય છે.

મેં કહ્યું : હા, તમારી આ વાત સાચી છે.

શરદભાઈ : બસ ! મને અને મારાં પત્ની ઉમાને મનમાં અને હૃદયમાં ગોઠવાઈ ગયું કે સદ્‌ગત શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાની હવેલી સંગીતની ભાવના અને ઈચ્છાને મૂર્ત સ્વરૂપ આપવા કંઈક કરવું જોઈએ. અમારા બંને દીકરાઓ સુખી છે અને સંસારમાં સારી રીતે ગોઠવાઈ ગયા છે. તો આપણા આ રિટાયર્ડ જીવનમાં આ સારું કામ અને પ્રવૃત્તિ હાથમાં લઈએ.

'ત્યારબાદ શું કર્યું ?'

શરદભાઈ : વૈષ્ણવો પાસે જઈ દાન માગવાનું યોગ્ય ના લાગ્યું. પછી વિચાર આવ્યો કે દરેક ઘરમાં રોજ એક બે છાપાં આવતાં હોય છે. તેઓ મહિનાની પસ્તી ભેગી કરી વેચી દેતા હોય છે. તો આપણે વૈષ્ણવોને સમજાવીએ કે હવેલી સંગીતના ઉમદા કામ માટે અમારે પૈસા જોઈતા નથી પરંતુ તમારા ઘરે મહિનાની પસ્તી ભેગી થાય તે અમને

આપજો. અમે દર મહિને આવીને લઈ જઈશું. થોડા વૈષ્ણવોને આ વાત સમજાવી, તેમને આ વાત ગમી એટલે તેમના ઓળખીતા બીજા વૈષ્ણવોને પણ વાત કરી. **આમ લગભગ ૪૦૦ ઘર નિયમિત પસ્તી આપતાં થઈ ગયાં.** બધાને થયું કે આવા ધર્મના સારા કામમાં પસ્તી પણ કામમાં આવતી હોય તો તેનાથી રૂડું શું ?

પછી શું ?

પછી અમે બંને પતિપત્ની રોજ સવારે બેથી અઢી કલાક અને સાંજે પણ બેથી અઢી કલાક આવા વૈષ્ણવોને ત્યાં દર મહિને નિયમિત જઈ પસ્તી ઉઘરાવવા લાગ્યાં. અમે રહીએ નવરંગપુરામાં પણ વૈષ્ણવોનાં ઘર શાહીબાગ, મણિનગર કે બોપલ હોય તો ત્યાં પણ જતાં થઈ ગયાં.

'પસ્તી ભેગી કરતાં કર્યું શું ?'

અમે એક ટ્રસ્ટ બનાવ્યું. બેંકમાં ખાતું ખોલાવી દર મહિને પસ્તી વેચતાં આવતી રકમ તેમાં જમા કરાવતા ગયા. **આવું લગભગ સળંગ ૧૦ વર્ષ કામ કર્યું અને રૂપિયા અઢાર લાખ (૧૮ લાખ) રકમ જમા થઈ.**

'ધન્ય છે તમારી ધીરજ અને સાતત્યભરી મહેનતને !'

શરદભાઈ : આ રકમમાંથી તથા બીજા થોડા વૈષ્ણવોએ દાન આપતાં રકમ ૨૬ લાખ થઈ. તેમાંથી આંબાવાડી બજાર, અશ્વમેઘ એલીગન્સમાં બે ઑફિસરૂમ ખરીદ્યા. એક વૈષ્ણવ ઈન્ટિરિયર ડિઝાઈનરે બંને રૂમ ભેગા કરી વિશાળ હૉલ સાઉન્ડ પ્રૂફ બનાવ્યો, જેથી બાજુવાળા-ઑફિસોને તકલીફ ના પડે.

તા. ૧૨-૧૦-૨૦૧૪ના રોજ તેનું ઉદ્‌ઘાટન છે. તમને આમંત્રણ આપવા આવીશ.

હું પણ તેમની વાત અને કાર્ય સાંભળીને આશ્ચર્ય સાથે ભાવવિભોર થઈ ગયો. તેમનાં પત્ની ઉમાબહેન પણ તેમના જેવાં સાલસ અને સાચા વૈષ્ણવ. આ યુગલને જોતાં જ થાય કે આ બંને કપટ વિનાના સરળ માણસો છે. અમુક વ્યક્તિઓને જોતાં જ આપણને તેમના માટે સારો ભાવ અને માન થાય. તેના કારણે જ આટલા બધા વૈષ્ણવોને તેઓ સારું કાર્ય કરે છે તેવો વિશ્વાસ બેઠો અને હિસાબ માંગ્યા સિવાય નિયમિત પસ્તી આપતા રહ્યા.

આ દંપતીને ઉદ્‌ઘાટનનું આમંત્રણ પણ દરેક મદદ કરનાર વૈષ્ણવના ઘરે રૂબરૂ જઈને આપ્યું. પધારવા અને હવેલી સંગીત શીખવા કહેતા આવ્યા.

તેમણે બનાવેલા સ્થળનું નામ :-

'સૂર શૃંગાર કીર્તન વિદ્યાલય (અમદાવાદ) તથા શ્રી વલ્લભ વિઠ્ઠલ કીર્તન આવાસ સેવા ટ્રસ્ટ' ૪૧૪-૪૧૫, અશ્વમેઘ એલીગન્સ, ભૂદરપુરા રોડ, આંબાવાડી બજાર, અમદાવાદ-૬.

ઘણા માણસો રિટાયર્ડ થયા બાદ કોઈ ને કોઈ સારી પ્રવૃત્તિ શોધીને તેમાં પરોવાઈ જતા હોય છે - તેનાથી શરીર અને મન વ્યસ્ત રહે છે. ઘડપણ મોડું આવે છે અને સારું કાર્ય કરતા જવાનો આનંદ અને સંતોષ મળે છે. આ વાત શરદભાઈ અને ઉમાબહેનની પ્રવૃત્તિ, કાર્ય અને વાત સાંભળી સો એ સો ટકા સાચી અને સાર્થક લાગી.

**ગની દહીંવાળાનો શેર છે :**

**'આ એક નાનકડી દુનિયા છે,**
**એ માંહે વસ્યા છો આવીને,**
**લાગે જો તમોને અંધારું,**
**તો દીપ જલાવો જીવનમાં.'**

'અખંડાનંદ', એપ્રિલ-૨૦૧૫માંથી સાભાર ❑

## (૮) અદેખો સદા દુઃખિયો

શ્રીમન્નથુરામ શર્માજી

રજોગુણથી ઉત્પન્ન થતા દાષોમાં કામ, ક્રોધ, લોભ તથા મદ વગેરેમાં મત્સરના દોષનો પણ સમાવેશ થાય છે. મત્સર એટલે ઈર્ષા-અદેખાઈ. કોઈનું સારું અથવા ચડતી સ્થિતિ સહન ન કરી શકાય, એવો મનમાં રહેલો અવગુણ. ઈર્ષા તાપ ઉપજાવનારી છે. કોઈ વ્યક્તિને કોઈક પ્રકારનો લાભ થયાનું જાણીને આવી ઈર્ષાવાળી વ્યક્તિ બળવા લાગે છે. ઈર્ષા ખૂબ જ નઠારો દોષ છે, કારણ કે જેનામાં આ અવગુણ હોય તેને પોતાને કોઈ પણ પ્રકારનું નુકસાન થયું ન હોય છતાં અન્ય કોઈની ચડતી સ્થિતિનું ભાન કરાવીને તેને હૃદયમાં દાહ ઉપજાવી દુઃખી કરે છે.

સર્વે આસ્તિક મનુષ્યો જાણે છે કે મનુષ્યની ચડતી-પડતી તેના પ્રારબ્ધાનુસાર થાય છે. ઈશ્વરી સત્તા તેમાં કામ કરે છે, પરંતુ તે સત્તા જે તે જીવોના કર્માનુસાર કામ કરે છે. જો તેમ ન હોય તો ઈશ્વર અન્યાયી અને વિષમ-બુદ્ધિવાળા ગણાય. પાપકર્મ વડે મનુષ્ય દુઃખ પામે છે અને પુણ્યકર્મ વડે તે સુખી થાય છે, એ નિઃશંક વાત છે. **ઈશ્વરી રચના ભૂલ વગરની છે.** જાહેરમાં કે છૂપી રીતે કરેલ સારાંમાઠાં વિચાર, વાણી કે વર્તનનું સારુંમાઠું ફળ અવશ્ય મળે છે. લૌકિક ન્યાય માટે સાચાખોટા પુરાવા ઊભા કરી ન્યાય આપનારને અવળે માર્ગે દોરી શકાય છે. આ કારણથી ક્યારેક તેવો ન્યાય દોષવાળો હોઈ શકે છે. પરંતુ **ઈશ્વરી ન્યાય માટે પુરાવાની કોઈ પણ જરૂર પડતી નથી, કેમ કે જે તે જીવના પોતાના અંતઃકરણમાં જ તેનાં કર્મોની નોંધ હોય છે.** શ્રીઅંતર્યામી પ્રભુ સૌનાં હૃદયમાં બિરાજમાન છે. સર્વ જીવોનાં કર્મની નોંધ તેમના પોતાનાં હૃદયમાં ઈશ્વરી સંકેત પ્રમાણે સંસ્કારરૂપે થતી રહે છે, જેનું ફળ સમય આવે તેને અચૂક મળે છે !

હિંદુ ધર્મમાં ચિત્રગુપ્તના ચોપડાની વાત આવે છે. ચિત્રગુપ્ત એટલે છાનાં ચિત્રમાં અદશ્ય સંસ્કાર, ઇસ્લામ ધર્મમાં કહેવામાં આવ્યું છે કે પ્રત્યેકના જમણા ડાબા ખભા ઉપર એકેક ફિરસ્તો બેઠો છે. જમણા ખભા ઉપરનો ફિરસ્તો સારાં કર્મોની-પુણ્યકર્મની નોંધ લીધા કરે છે અને ડાબા ખભા ઉપરનો ફિરસ્તો તેનાં પાપકર્મોની નોંધ રાખે છે. દરેક જીવને કર્મ પ્રમાણે ફળ મળતું હોવાથી જીવોની વિવિધ સ્થિતિના સંદર્ભમાં ઈશ્વર નિર્દોષ છે. વિશ્વનો સઘળો વહીવટ તેમના નિયમ પ્રમાણે જીવોના કર્માનુસાર અબાધિતપણે નિરંતર થયા કરે છે. આ કારણે તમે ઈર્ષા ન જ કરો, પણ પુરુષાર્થ કરો. તમારી શક્તિ હોય તો વધારે પુરુષાર્થ, સ્પર્ધા અથવા હરીફાઈ હજી ઇચ્છવા યોગ્ય છે, પણ ઈર્ષા ઇચ્છવા યોગ્ય નથી. વ્યવહાર પરમાર્થમાં તમારાથી આગળ વધનાર મનુષ્ય તમારી સમક્ષ પોતાનો સારો આદર્શ રજૂ કરે છે અને આગળ વધવાનો તમને માર્ગ બતાવે છે.

કર્મ બહુ બળવાન ગણાય છે. માટે પ્રીતિપૂર્વક પુણ્ય સંપાદન કરવું પણ કોઈની ઈર્ષા કરવારૂપ પાપ ન બાંધવું. જેમ પુણ્ય પોતાનું ફળ સુખ આપે છે તેમ પાપ પણ તેનો પરિપાક થતાં દુઃખ આપ્યા વગર રહેતું નથી. એટલે જાગ્યા ત્યાંથી સવાર ગણીને ચલાય તોપણ પોતાનું જીવન સુધારી શકાય. બીજાં પાપો તો કાળે કરીને જ્યારે તેનો પરિપાક થાય ત્યારે તેનું દુઃખરૂપ ફળ ઉપજાવે છે, પણ મત્સર-અદેખાઈ તો ક્રોધની પેઠે હૃદયમાં આવ્યો કે તુરત જ દાહરૂપ દુઃખ ઉપજાવવા માંડે છે. માટે મૈત્રીની ભાવના કરીને તમે તમારા હૃદયમાં અદેખાઈને આવવા જ ન દો. કોઈનો ઉત્કર્ષ જોઈને તમે તમારા હૃદયમાં બળો નહિ. બીજાની ચડતી જોઈને રાજી થાઓ. જો તમે એ પ્રમાણે પ્રસન્ન રહીને કોઈ પણ પ્રવૃત્તિ કે ધંધો કરશો તો તમારા હૃદયમાં આનંદ રહેશે એટલું જ નહિ, પણ તમે તમારો ઉદ્યોગ સારી રીતે કરી શકશો અને તેમાં વહેલી ફતેહ મેળવશો. મત્સર-અદેખાઈ વડે હૃદયમાં બળ્યા કરવાથી તમારી કાર્ય કરવાની શક્તિ ઘટે છે અને તેનું નુકસાન તમારે જ વેઠવું પડે છે એ ભૂલશો નહિ.

જેવો આઘાત તેવો પ્રત્યાઘાત એ નક્કી વાત છે. **પ્રભુને ત્યાં શુદ્ધ ન્યાય છે, લેશ પણ અન્યાય નથી.** અદેખાઈનું ફળ અનિષ્ટ છે. વળી અન્યની ઈર્ષા કરવી એટલે ઈશ્વરની ઈર્ષા કર્યા બરાબર છે. આ સંસારચક્રને ચલાવનાર કોઈ અદ્‌ભુત સૂત્રધાર હોવો જોઈએ. રસાયન વેત્તાઓ પણ કહેવા લાગ્યા છે કે ચેતનને સ્વીકાર્યા વિના માત્ર જડ પરમાણુ વડે વિશ્વની સઘળી વાતોનો ખુલાસો થઈ શકે એમ નથી, એટલે ઈશ્વર જો સદ્‌બુદ્ધિ આપે તો કોઈને પણ સુખી જોઈને રાજી થાઓ અને વગર ખર્ચે પુણ્ય પ્રાપ્ત કરો.

વિશ્વમાં મહત્તા પણ બહુ આવશ્યક વસ્તુ છે. મોટાની મહત્તા નાનાને બહુ ઉપયોગી છે. પૃથ્વી બહુ મોટી છે તો તે સર્વ પ્રાણીપદાર્થને ધારણ કરે છે. સૂર્ય ઘણો મોટો, ઘણો ઉષ્ણ અને ઘણો પ્રકાશવાળો છે તો જ તે અનેક ગ્રહોને આકર્ષણ વડે ધારણ કરે છે અને તેમને પ્રકાશ તથા ઉષ્ણતા વડે પોષે છે. આકાશ પણ ઘણું મોટું છે તો સર્વ આકારવાળી વસ્તુને અવકાશ આપે છે. સાગર ઘણો જ મોટો છે તો જ તે અસંખ્ય જળચરોને આશ્રય આપે છે, તે જ પ્રમાણે મોટી નદીઓ અને મોટા પર્વતોનું સમજવું. મોટાની મોટાઈ નકામી નથી. એટલા માટે કહેવત છે કે 'પાડોશીને પણ હજો.' **પરોપકારી પુરુષ પારકે દુઃખે દુઃખિયો હોય છે અને અદેખો મનુષ્ય પારકે સુખે દુઃખિયો હોય છે.** મૈત્રી આદિની ભાવના વડે મત્સરને મારી નાંખવો એટલે શાંતિ રહેશે. કોઈના વિશે કોઈ પણ સારા સમાચાર મળતાં તમારા અંતરમાં પ્રસન્નતા ઉપજાવો અને મુખેથી પણ સારા શબ્દો ઉચ્ચારો.

'પરમસુખી થવાના ઉપાય', (આનંદાશ્રમ, બીલખા, પ્રકાશન) આઠમી આ, પૃ.૨૬૮ (સંકલન) ❑

## (૯) પૂજ્ય શ્રીમોટા : ઉત્કર્ષના દ્રષ્ટા

**શ્રી બાબુભાઈ જ. પટેલ**

આધુનિક સાધુસંતોમાં પૂજ્ય શ્રીમોટા એક જુદી ભાત પાડે છે. તેઓશ્રી વર્ષો સુધી બાપુજીએ દર્શાવેલી હરિજન સેવા જેવી રચનાત્મક પ્રવૃત્તિમાં ડૂબી ગયેલા હતા અને એમનામાં આધ્યાત્મિક અંકુરો મૂળથી જ હતા. **જાહેર સેવાના કાર્યમાં પણ તેઓશ્રીનો દૃષ્ટિકોણ સામાજિક ઉત્કર્ષનો અને વ્યક્તિ વિકાસનો રહ્યો છે એવી મારી છાપ છે.**

એમના જીવનના અનુભવો રોમાંચક છે. કાશી વિશ્વનાથ મંદિરમાં એમના ખિસ્સામાંથી ઘરેણાં ચોરાયાં તે પછી જે ઉત્કટ પ્રાર્થના એમણે કરી એ કેટલી અદ્‌ભુત રીતે સફળ થઈ ! તે ઘરેણાં ચોરનાર એમને શોધતો આવીને આપી ગયો અને ત્યાં સુધી ભારે અગ્નિદાહ જેવી હાલત અનુભવતો રહ્યો. એ પ્રસંગ બુદ્ધિગમ્ય નથી, પણ વિકસિત આત્માઓ શું કરી શકે છે અને ઈશ્વરની સાથે કેટલું તાદાત્મ્ય તેઓ અનુભવે છે તેનો દ્યોતક છે. આવી જ રીતે પોતાનાં માતુશ્રીના અંતકાળ સમયે એમની પાસે રહેવાનું આપેલું વચન એમનાં માતુશ્રીના અંતકાળના જ વખતે એક બીજી જવાબદારી એમને રોકી રાખતી હતી. આ સંઘર્ષની વચ્ચે તેઓ જ્યારે સદેહે પોતાનાં માતુશ્રી પાસે જઈ શક્યા નહિ ત્યારે કોઈક ઈશ્વરી અનુભવ એવો થયો કે એમનાં માતુશ્રીએ પોતાના અંતકાળ સમયે એમને પોતાના ચરણ પાસે બેઠેલા અનુભવ્યા. આ પ્રકારની અનુભૂતિ પણ બુદ્ધિવાદથી સમજાવી શકાય તેવી નથી. પોતાના ગુરુ પાસે જે પ્રકારનું તપ એમણે આચર્યું અને ગુરુની જે આધ્યાત્મિક ભૂમિકા હતી એ વિષેની વાતો પણ આવા આત્માઓ કઈ રીતે વિકાસ કરતા હોય છે એનો પરિચય આપે છે.

તેઓશ્રીના જીવન વિષે અનેક શિષ્યો પાસેથી જે જાણ્યું છે અને સાંભળ્યું છે તે એવી ખાત્રી કરાવે છે કે તેઓએ મુક્તાવસ્થા પ્રાપ્ત કરી છે અને જીવનનાં બંધનોથી તેઓશ્રી પર જઈ શક્યા છે.

આ પરિસ્થિતિમાં એ સ્વાભાવિક છે કે જીવનના અનેક ક્ષેત્રોમાંથી અનેક લોકો-ઘણા મોટા બુદ્ધિજીવીઓ, વિદ્વાનો, વેપારીઓ, પંડિતો, કાર્યકરો વગેરે પણ એમના તરફ આકર્ષાય છે અને એમની પાસેથી પોતાના જીવનના વિકાસની પ્રેરણા મેળવે છે. અનેક સ્થળે અનેક અનુયાયીઓ એમને સાંપડ્યા છે.

પૂજ્ય શ્રીમોટાની વિશિષ્ટતા એ રહી છે કે એમનામાં સંસારનાં બંધનોથી પર ઊઠવાની તાકાત છે. ધર્મધ્યાન વગેરેનું મહત્ત્વ એમણે સ્થાપિત કર્યું છે. આશ્રમો પણ તેઓશ્રી ચલાવે છે, છતાં કોઈ ક્રિયાકાંડમાં ડૂબી ગયા હોય એવી સ્થિતિ એમની નથી. **તેમની કલ્પના સામાજિક ઉત્થાનની છે અને સાથે સૌના સર્વાંગી વિકાસની છે.** તેથી તેઓ જ્યારે ધર્મવૃત્તિ, અધ્યાત્મ વગેરેનો મંત્ર આપતા હોય છે ત્યારે સાથે સાથે જ સદ્‌વૃત્તિઓ, સદાચાર અને માણસની ઉજ્જવળ બાજુને વધારે તેજસ્વી

કરવાનું કામ પણ જાગ્રતપણે કર્યા કરતા હોય છે. જેમ ભૂખ્યા માણસને માટે ઈશ્વરનું નામ લીધા કરીએ એનો બહુ અર્થ નથી તેમ જે સમાજનું ચારિત્ર્ય ઘસાઈ ગયું હોય એ સમાજને ફરીથી પ્રાણવાળો બનાવવો હોય તો સૌથી પહેલું કાર્ય હોય એના ચારિત્ર્ય ઘડતરનું. આ વાત તેઓશ્રીએ સારી રીતે સમજી લીધી છે અને અમલમાં મૂકી છે. એને પરિણામે જ **તેઓશ્રી જે પ્રવૃત્તિઓમાં રસ લે છે તે એકેએક પ્રવૃત્તિ સમાજના ચારિત્ર્યઘડતર માટેની હોય છે.**

ગુજરાતમાં બહેનો ખમીરવંતી બને તેથી શક્તિદળની રચના વિકસાવવામાં એમને રસ છે. ગુજરાતી ભાષા માહિતીની દૃષ્ટિએ, જ્ઞાનની દૃષ્ટિએ અગર વિચારોના વહનની દૃષ્ટિએ બિચારી ન રહે અને ગુજરાતી ભાષા દ્વારા જ જગતના અનેક વિષયોનું આધારભૂત માહિતી ભાતું ગુજરાતની જનતાને મળી રહે એટલા માટે 'જ્ઞાનકોષનો' પ્રચંડ પુરુષાર્થ એમણે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આદર્યો છે. (પાછળથી આ કાર્ય 'વિશ્વકોશ ટ્રસ્ટ' અમદાવાદ દ્વારા હાથ ધરાયું છે.-સં.) તેવી જ રીતે આપણે ત્યાંથી લોપ થતી જતી સાહસવૃત્તિ ફરીથી વેગવંતી બને એ દૃષ્ટિએ રાષ્ટ્રવ્યાપી સમુદ્રતરણ હરીફાઈ ગુજરાતમાં યોજવામાં એમને રસ છે. આવી અનેક પ્રવૃત્તિઓ વખતોવખત તેઓશ્રી ઉપાડતા જ રહે છે.

ફાળો ઉઘરાવવાની એમની પદ્ધતિ અનોખી છે. જેમને એઓશ્રી માટે આદર છે, આસ્થા છે, સદ્‌ભાવ છે તે સૌને તેઓશ્રી આ બધું વ્યક્ત કરવાના સાધન તરીકે એમની આ પ્રવૃત્તિમાં સાથ આપવા જણાવે છે. એને પરિણામે પોતાને ન રુચે એવી પોતાની વ્યક્તિગત હેસિયતને લક્ષમાં રાખીને ઉજવાતા ઉત્સવો ચલાવી લે છે, પણ એ દરેક પ્રસંગે આ સૌની પાસે નાણાં અને ઘરેણાં વગેરેનું દાન મેળવી લે છે. આપણા પ્રદેશની અંદર આટલી સરળતાથી આટલી મોટી આર્થિક જવાબદારીઓને પહોંચી વળાય તેવો દાનનો ધોધ એમના જેટલો ભાગ્યે જ કોઈ વહેવડાવી શકતું હશે- ખાસ કરીને શ્રીમંત તથા એવા વર્ગોમાંથી.

આ બધાં માટે આપણે સૌ એમના ઋણી છીએ. એમનું જીવન અને કાર્ય પ્રેરક છે અને વિકાસોન્મુખ છે. આ પ્રસંગે આપણે એમને નમ્રભાવે વંદીએ અને તેઓશ્રીનું આ યજ્ઞકાર્ય આપણી વચ્ચે લાંબા વખત સુધી ચાલ્યા કરે અને આપણે સૌ એમને સંતોષે એવો વિકાસ અનેક રીતે સાધી શકીએ એમ પ્રાર્થીએ.

એક સ્મૃતિગ્રંથમાંથી સાભાર ❑

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાએ જેઓની પીઠ થાબડીને આશીર્વાદ આપેલા કે 'ભજન કરો, સેવા કરો' અને તે શબ્દશક્તિના આધારે જેઓએ હરિઃૐ આશ્રમ, સુરતના રસોડામાં સેવાઓ આપી હતી તેવાં **શ્રી કપિલાબહેન રમણલાલ પૂજારા**નો સુરત ખાતે ૮૯ વર્ષની વયે તા. ૫-૬-૨૦૧૫ના રોજ દેહાંત થયો છે. શ્રીહરિ ગતાત્માનું સર્વ પ્રકારે કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે. **-સંપાદક**

## (૧૦) 'પહેલાંનાં બૈરાં'

હરિશ્ચંદ્ર

તમે માનશો ? પહેલાંનાં બૈરાં શું શું કરતાં, તે બધું મને મોઢે થઈ ગયું છે, કારણ કે મારા પતિદેવ દિવસમાં દસવાર એનું પારાયણ મને સંભળાવે છે. સવારના પહોરમાં મને મરવાની ફુરસદ ન હોય. ચા-નાસ્તો, પાણી ભરવું, કપડાં બાફવાં, કૂકર ચઢાવવો, લોટ બાંધવો, એમને નવ વાગ્યાની લોકલ પકડાવવાની, છોકરાંને નિશાળે મોકલવાનાં. એ કશાયમાં જરીક હાથ ન દે, તે તો બળ્યું, પણ ધીરે ધીરે ચા પીતાં, પગ ઉપર પગ ચઢાવી છાપું વાંચતાં વાંચતાં જ્યારે એક પછી એક હુકમ છોડવા માંડે-પાણી ગરમ થયું કે ? બાથરૂમમાં ટુવાલ મૂક્યો ? મારાં કપડાં ક્યાં ? ત્યારે સંયમ રાખવો અઘરો પડે.

તેમાં તે દિવસે તો લગભગ બરાડ્યા : 'મારા એકેય ખમીસને પૂરાં બટન નથી. ચાર દિ'થી તને કહ્યું છે. આખો દિ' કરે છે શું ? પહેલાંનાં બૈરાં તો કેટલું કામ કરતાં !'

'હમણાં અમારા મહિલા મંડળની વ્યાખ્યાનમાળા ચાલે છે. કાલે પૂરી થશે એટલે બધું વ્યવસ્થિત કરી આપીશ.'

થોડો વખત થયો, ત્યાં ફરી બાંગ પડી : 'મારો રૂમાલ નથી મળતો. પેન અને ઘડિયાળ ક્યાં છે ? મારાં મોજાં ?'

'પોતે વ્યવસ્થિત રાખવું નહિ અને બીજા ઉપર ધમપછાડા ?' મારાથી બોલાઈ ગયું.

'પહેલાંનાં બૈરાં આમ સામું બોલતાં ન હતાં. પતિની સેવા માટે ખડે પગે હાજર ! આખો દિવસ કામ કરીને રાતે પાછાં પગ દાબી આપતાં, તળિયે ઘીનું માલિશ કરી દેતાં. આજે તો બસ, મહિલા મંડળ અને સમાન હક્ક !'

અને મને થયું, ચાલ બાઈ, એમની એવી જ ઈચ્છા છે તો પહેલાંનાં બૈરાનો પાઠ ભજવી બતાવું ! સાસુને પણ વિશ્વાસમાં લીધાં. સાંજે આવ્યા ત્યારે હું અસ્સલ પહેલાંનાં બૈરાંના સ્વાંગમાં સજ્જ હતી. કછોટો મારી પહેરેલો નવ વારી સાડલો, માથે ઘટ્ટ અંબોડો, કપાળે વિક્ટોરિયા છાપ મોટો ચાંદલો, ૧૫-૨૦ બંગડીઓ ! એ જોઈ જ રહ્યા, પણ સાસુની હાજરીમાં કંઈ બોલ્યા નહિ. થોડીવારે હાથમાં ઝોળી પકડાવીને કહ્યું, 'શાકભાજી લેતા આવજો. અને એલચી, કેળાં. બાને ઉપવાસ છે.'

સાસુએ મમરો મૂક્યો, 'તારા સસરા આને સાથે લઈ કાયમ શાક લઈ આવતા.'

એ શું બોલે ? પછી એમણે આઘાપાછા થઈ કહ્યું, 'તુંય ચાલને !'

'આજે અગિયારસ, મારે બા સાથે મંદિર જવાનું છે.'

દોઢ કલાકે પરસેવે રેબઝેબ થતાં આવ્યા. કાંઈ ભાજી આણી છે ભાજી ! 'આટલી બધી ?'

'કેટલી લાવવાની હતી તે ક્યાં કહેલું ?'

'અને આ પડીકું શાનું ?'

'તેમાં એલચી છે. એલચી કેળાં લાવવાનું કહેલું ને ?' અમે, સાસુવહુ હસ્યાં છીએ કાંઈ હસ્યાં છીએ તે દિ' ! રોજની જેમ છોકરાં લેસનની ડિફિકલ્ટિઝ પૂછવાં આવ્યાં. મેં પપ્પા તરફ ધકેલ્યાં.

'છાપું વાંચવા દેને, જા, મમ્મીને પૂછ !'

'મમ્મી કહે છે જા, પપ્પા પાસે, પહેલાંનાં બૈરાંને આવડતું ન હતું એ જ ઠીક હતું.'

'લાવ ! તું કયા વર્ગમાં છે ?' સાસુથી ન રહેવાયું, 'તને એય ખબર નથી ?'

હું તમાશો જોતી રહી. રાતે કાંસાનો વાટકો અને ઘી લઈ રૂમમાં પહોંચી ત્યારે ઘસઘસાટ ઊંઘતા હતા.

ખૂબ થાક્યા હશે. મેં પગ દબાવવા માંડ્યા અને ઘી ઘસવા માંડ્યું. એ ઊઠીને બેઠા થઈ

ગયા. 'આ શું માંડ્યું છે !'

'કાંઈ નહિ, પહેલાંનાં બૈરાં પતિની સેવા કરતાં !'

બીજે દિવસે સવારે બાથરૂમમાં અબોટિયું મૂક્યું. 'આજથી પૂજા નાહીને તમારે કરવાની.'

એમની આંખો પહોળી થઈ ગઈ : 'આ શું ગાંડપણ માંડ્યું છે ?' 'પહેલાંનાં બૈરાં પૂજા કરતા ન હતાં. પૂજાપાઠ પુરુષો જ કરતાં.'

ત્યાર પછી બેચાર દિવસ ગાંધીને ત્યાંથી ખરીદી કરવી, વીજળીનું બિલ ભરવું, બૅંકમાંથી પૈસા લાવવા, ગૅસ પૂરો થયો તેનો ફોન કરવો, છોકરાંની નિશાળે જવું, શાક લાવવું, છોકરાંને ભણાવવાં. બધું જ એમને સોંપ્યું ! 'તું કર' એમ કહેવાને અવકાશ જ ન હતો, કેમ કે પહેલાંનાં બૈરાં આવું કાંઈ કરતાં ન હતાં અને છેલ્લે ચાર દિવસની 'હક્ક રજા' લઈ મેં કામમાંથી બિલકુલ છુટ્ટી લીધી.

એક દિવસ સાંજે આવી એમણે કહ્યું, 'તારી મા, ભાઈને ત્યાં આવી છે. મળવા બોલાવી છે.'

માને મળવાની હોંશમાં હું નાટક ભૂલી ગઈ. અને સ્વાંગ ઉતારી તૈયાર થઈ એમની સાથે નીકળી. ટૅક્સીમાં બેઠાં પછી કહે, 'હાથ જોડ્યા, માવડી ! આઠ દિવસથી આ શું નાટક માંડ્યું છે ?'

'નાટક ? તમારી સેવામાં ખડે પગે હાજર રહું છું. રાતે પગચંપી કરું છું. પહેલાંનાં બૈરાં....' 'બસ, બસ હવે, બહુ થયું ! આજે હુંયે તને નાટક બતાવું !'

'એટલે શું, મા નથી આવી ?'

'કેવી બનાવી !' કહેતાંકને મારી સામે એમણે નાટકની બે ટિકિટ ધરી.... 'ઘરસંસાર....'

(શ્રી વૈજયંતી ફણસળકરની મરાઠી વાર્તાને આધારે) -હરિશ્ચંદ્ર

'ભૂમિપુત્ર', તા. ૧૬-૪-૦૫માંથી સાભાર ❑

(અનુસંધાન પૃ. ૬નું ચાલુ )

ત્યાંના રિવાજ પ્રમાણે કાચા બટાટા અને સાકરનો નૈવેદ્ય મણિબાએ ધરેલો. એ મહાત્માએ હથેળીમાં જ અગ્નિ પ્રકટાવી બટાકાને ભૂંજેલા અને સાકર સાથે એ પ્રસાદ બાબુલાલને તેમજ મણિબાને આપ્યો હતો.

મણિબાએ પોતાની રીતે ચારેક દાયકાની પ્રખર સાધના કરેલી. મહાન ગવૈયા તાનસેનના ગુરુ બાબા હરિદાસના સંપ્રદાયના આઠમા આચાર્ય શ્રી રાધાચરણદાસજી પાસે મણિબા દીક્ષિત થયાં. જ્ઞાન, ભક્તિ અને યોગના સમન્વય દ્વારા અવિરત સાધનાને અંતે તેઓએ પોતાના આત્માની ઓળખ કરી લીધી હતી.

પૂજ્ય મણિબા સાથેના સત્સંગ કે વાર્તાલાપ દ્વારા પ્રાપ્ત થયેલ કેટલીક ચિંતનકણિકાઓ નોંધવા યોગ્ય છે :-

**- કર્મયોગ ચિત્તશુદ્ધિનું પ્રબળ સાધન છે.**

**- ખુદનું બોલેલું ખુદ સાંભળીએ તો ચિત્તમાં એકાગ્રતા આવે.**

**- જીવાત્મા સોટકા પરમાત્માનો અંશ છે.**

**- વૈરાગ્ય એટલે બધું છોડીને જંગલમાં જવું એવો અર્થ નથી, પણ કર્મ કરવા છતાં એનાથી લેપાવું નહિ એ વૈરાગ્ય છે.**

**- સ્વરૂપના અનુભવ જેવો બીજો કોઈ મોટો લાભ નથી.**

**- અનુભવને કોઈ પ્રમાણની જરૂર નથી. અનુભવ એ જ પ્રમાણ છે.**

**- કૃપા અને પુરુષાર્થની બાબતમાં કૃપા વિના સાધના-પુરુષાર્થ થવો કે એ તરફનું મુખ થવું મુશ્કેલ છે.** ❑

મને એમનાં નામ ખબર નથી. પહેલાં બે પુરુષોએ આપણા વેદનો અભ્યાસ કરેલો. વેદના અભ્યાસ ઉપરથી એમને લાગેલું કે ખરો ધર્મનો વિચાર તો આ વેદમાં જ છે. આપણું બાઈબલ તો એની આગળ રમકડું છે. એવો ખ્યાલ- બ્લેવેટ્સ્કી કે એવું નામ હતું-એમણે સૂઝાડેલું. એની બિસન્ટ એ ગ્રંથો વાંચવા પ્રેરાયાં અને હિંદમાં આવીને કામ કર્યું. એ પછી બે ત્રણ માણસો થયાં. એમણે આખી જિંદગી આમાં જ-થિયોસોફીમાં જ ગાળી.

મદ્રાસમાં દરિયા કિનારા પર બહુ મોટી જગા લીધેલી છે. અને ત્યાં બહુ મોટાં મંદિરો છે. દરેક જાતિનાં મંદિરો છે. હિંદુ, મુસલમાન, પારસી વગેરેનાં મંદિરો છે.

ઘણા માણસો કહે કે આપણો મોટો દેશ ને આટલા બધા ધર્મો. કુદરતની એક લીલા જોઈએ-વિચારીએ તો એમાં વિવિધતા અને વિસ્તાર છે. એવી રીતે સમાજમાં આવી જાતની વિવિધતા રહેવાની જ. એ હકીકત છે. એને કોઈ નાબૂદ નહિ કરી શકે. ધર્મો કે સંપ્રદાયોમાં જુદા જુદા લોકોના માનસને-સ્વભાવને સાનુકૂળતા લાગી એમાં એ લોકો ગયા. આજે માનતા હોય કે ન માનતા હોય એ જુદી વાત છે પણ જ્યાં જે પ્રકારનો ધર્મ છે એનું જે લોકો પાલન કરે છે એ એમના સ્વભાવને સાનુકૂળ છે અને સ્વભાવ સામૂહિક રીતે પણ એક હોય છે. પંજાબ અને ગુજરાત-એક જ દેશના છે પણ બંનેના સ્વભાવમાં ઘણો તફાવત છે. તેવી રીતે આપણા ધર્મમાં અને એમના ધર્મમાં તફાવત. **એટલે આખી દુનિયામાં એક જ ધર્મ હોય એવું કદી કાળે શક્ય નથી.** બધા 'એક ધર્મ' એવું બોલે ખરા, પણ એ કોઈ કાળે બને નહિ. કેમ કે એ કુદરતનો ધર્મ છે-વિવિધતા અને વિસ્તાર એ કુદરતના અંગ છે. એને કોઈ તોડી ન શકે. એ કાયમ રહેવાનાં. એટલું જ નહિ, પણ આપણા પ્રત્યેક માનવના એક જ જીવનને જોઈએ તો એમાં ઘણી વિવિધતા અને વિસ્તાર પોતાનામાં છે. માણસ જો આનું ઈન્ટ્રોસ્પેક્શન (=આંતર નિરીક્ષણ) કરે તો એને આ સમજાય.

અનેક વિવિધતાઓની વચ્ચેથી આપણે પસાર થવાનું છે. પણ એની સાથે માણસે જો ધ્યેય ન રાખ્યું તો આમતેમ અથડાઈ પડાશે. માટે બધામાં ધ્યેય-આઈડિયલ-આદર્શ જરૂરી છે. એ આઈડિયલ ભગવાન માટેનો જ હોય એવું કંઈ નથી. તમારા વેપાર માટે હોય, પણ આદર્શને સામે રાખીને સકળ કર્મ કરવા. પણ દુનિયાભરનાં મોટાભાગનાં લોકો યદ્વાતદ્વા જીવન જીવે છે. જેમની પાસે કોઈ જાતનું ધ્યેય નથી, ધ્યેય માટેનું મનન-ચિંતવન નથી. એવા તો એમ ને એમ જ રખડવાના.

ઈસુ ખ્રિસ્તને અને મહંમદ પયગંબર સાહેબને હું તો બહુ પ્રેક્ટીકલ ગણું છું. આપણે જે કરી શકતા નથી એના વિશે વિચાર કરવો નકામો છે. જે પ્રેક્ટીકલ થઈ શકે એવું છે એટલું એમણે કહ્યું. એનો અર્થ એમ નહિ કે

હિંદુસ્તાનમાં જ્ઞાન વેદમાં છે એટલું એમનામાં નહોતું ! ઈસુ ખ્રિસ્ત કે પયગંબર સાહેબમાં એવું જ્ઞાન નહોતું એમ માનવામાં આપણે ટૂંકા પડીએ. એમનામાં પણ એ જ્ઞાન હતું. પણ કોની આગળ દર્શાવવું ? ભટકતી ટોળીઓને આ બધું કહેવાનો કંઈ અર્થ નહિ.

જેટલું સમજી શકે, પચાવી શકે એટલું એમણે કહ્યું, બાકીનું કહેવાની કંઈ જરૂર નહોતી. એટલે બાકીનું કહ્યું નહિ. ઈસુ ખ્રિસ્તે પણ એમ જ કર્યું. માટે એ એટલું જ સમજતા હતા અને એટલા જ જ્ઞાની હતા એમ નહોતું. તે કાળના ધર્મ પ્રમાણે લોકો સમજી શકે એવી રીતે એમણે વાત મૂકી. એમનામાં એટલી બધી જાતિઓ હતી કે માંહોમાંહે લડી મરતી હતી. જુદા જુદા પથ્થરોને પૂજતા અને એથી માંહોમાંહે લડાઈ થતી. એમાંથી એમને ઉગારવા માટે મહમંદ સાહેબે આ પ્રયત્નો કરેલા. બધામાં એકતા આણવા આખી જિંદગી વીતાવી. જુદી જુદી ટોળીઓમાં એકતા આણવાનો પ્રયત્ન કર્યો. **મુસલમાનોમાં આજે જે સંપ અને એકતા છે એવા આખી દુનિયામાં આજે નહિ મળે.** મેં આના પર વિચાર કરેલો છે. ભગવાન મહંમદે આ સમાજને કેટલો બધો એક કર્યો છે. આ કોમમાં સંપ આણ્યો. એક ભાવ એમણે મૂક્યો જે આજે જીવતો છે. આ સંપ કંઈ આકાશમાંથી નથી આવ્યો. પણ મહંમદ સાહેબથી પ્રેરાયેલો છે.

ઇંગ્લેંડની, જર્મનીની, રશિયાની પ્રજા જુઓ તો ત્યાં પણ વિવિધતા છે. માટે દરેકને આપણી રીતે સમજી નહિ શકાય. માટે તેમની તેમની રીતે એમને સમજવા જોઈએ તો આપણે યોગ્ય રીતે સમજી શકીએ. આપણી રીતે સમજવા જઈએ તો ભૂલ થાપ ખાઈ જઈએ.

વિવિધતા, વિસ્તાર અને સળંગતા-કન્ટીન્યુઈટી પણ છે. કન્ટીન્યુઈટી ન હોય તો કશું ટકે નહિ માટે આ ત્રણ સાથે છે.

મેં વેદ વાંચ્યા નથી પણ સાંભળ્યું છે એ પ્રમાણે વેદમાં કોઈ એક વ્યક્તિ, કોઈ એક સમાજ, કોઈ એક વર્ગને માટે લખાયું નથી. બધાને લાગુ પડે એ રીતે લખાયું છે. પછી આપણે લઈ મંડ્યા કે 'આ અમારું છે'. બાકી એણે નથી જોયો બ્રાહ્મણધર્મ કે વૈષ્ણવધર્મ. એ રીતે આપણા ધર્મનો કોઈએ વિચાર નથી કર્યો.

'વસંતે બહાર', પ્ર. આ., પૃ. ૧૯૫ ❑

**વિનમ્રભાવે જણાવવાનું કે :-**

(૧) આજીવન ગ્રાહકોને વાર્ષિક ગ્રાહકો તરીકે ફેરવાતાં તેની મુદતનો ઉલ્લેખ આપને મળતાં હરિભાવના સરનામાની બાજુમાં કરાય છે. જેમકે માર્ચ'૨૧, માર્ચ'૨૩, માર્ચ'૨૫ આ મુદત સુધી કોઈ નવું લવાજમ ભરવાનું થતું નથી.

(૨) ઓડિટરશ્રીના જણાવ્યા પ્રમાણે પાંચ હજાર કે તેથી વિશેષ રકમની દાનભેટમાં દાતાનો PAN-પાન નંબર પાવતીમાં જણાવવાનો થાય છે. જેથી દાન ભેટ સાથે પાન નંબર જણાવશોજી.

(૩) આપનો ફોન, મોબાઈલ નંબરનો ઉલ્લેખ આપના પત્રવ્યવહારમાં કરશોજી.

આભારસહ **-સંપાદક**

## (૧૨) ખાદી ડેનિમ તથા ગ્રામોદ્યોગ

**વાડીભાઈ પટેલ**
અધ્યક્ષ, ગ.રા.ખા.બોર્ડ, અમદાવાદ

**ખાદી ડેનિમ :** પોતાના ટકાઉપણાના ગુણને કારણે ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં સૌથી મહત્ત્વની પ્રોડક્ટ બની ગયેલું ડેનિમ હવે ખાદીમાં પણ ઉપલબ્ધ છે. તેનો યશ નવીન વિચારો આવકારવા તૈયાર એવી આપણી સંસ્થાઓને પણ જાય છે. વિશ્વની ફેશનની રાજધાની કહેવાતા એવા પેરિસના ફેશન શોમાં વર્ષ ૨૦૧૦માં આપણું ખાદી ડેનિમ ખૂબ વખણાયું. નાનકડા ગામમાં બનતું ખાદી ડેનિમ ત્યારથી લઈને હવે ઈન્ટરનેશનલ બ્રાન્ડ બનવા જઈ રહ્યું છે. દુનિયાભરમાં પોતાની ઊંચી શાખ ધરાવતી અરવિંદ મિલે આપણી કેટલીક સંસ્થાઓ સાથે મળીને ખાદી ડેનિમને સ્થાનિકથી લઈને આંતરરાષ્ટ્રીય બજારમાં મૂક્યું છે. સંસ્થાઓના ખાદીમંદિરમાં તો તેનું વેચાણ થાય જ છે, ઉપરાંત હવે તો કેટલાંક મોલમાં પણ તેનું વેચાણ શરૂ થયું છે. એટલે તેનું બહોળા પ્રમાણમાં વેચાણ થશે એ નક્કી છે. અત્યાર સુધી ખાદીથી વિમુખ રહેલી નવી પેઢી એક વાર ખાદી ડેનિમ અપનાવશે પછી તેને છોડશે નહીં. અત્યારે જેમ કેટલાક યુવાનો ખાદીના ઝભ્ભા નીચે મિલનું ડેનિમ પહેરીને ફયુઝન કરે છે એમ નહીં કરે. ખાદી ડેનિમ પહેરશે. મિલના ડેનિમને કંટોકાંટની સ્પર્ધા પૂરી પાડતું ખાદી ડેનિમ પહેરવાનો ગર્વ અનુભવશે. અને એક વાતે તો ખાદી ડેનિમ સામાન્ય ડેનિમને પણ ચઢી જશે, તે એ કે ખાદી ડેનિમ ઈકોફ્રેન્ડલી છે.

**આધુનિક ગ્રામોદ્યોગ અને ઉદ્યોગસાહસિકતા :** પરંપરાગત ગ્રામોદ્યોગથી આગળ વધીને આધુનિક સમયની માગ મુજબ પણ ગ્રામોદ્યોગ વિકસાવવામાં આવ્યા છે. સાથોસાથ તેની ધિરાણ રાશિ પણ વધારવામાં આવી છે. પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ હેઠળ સેવાક્ષેત્ર માટે રૂપિયા પાંચ લાખથી દસ લાખ અને ઉત્પાદન ક્ષેત્ર માટે રૂપિયા દસ લાખથી પચીસ લાખ આ યોજના હેઠળ આપવામાં આવે છે. તેમાં પ્રારંભિક ધોરણે લાભાર્થીએ પ્રોજેક્ટ ખર્ચના માત્ર પાંચથી દસ ટકા ચુકવવાના હોય છે અને લાભાર્થીને કુલ ખર્ચના ૧૫ થી ૩૫ ટકા સબસિડી આપવામાં આવે છે. આ રીતે આગળ વધીને સફળતા મેળવનારા માત્ર બે યુવાનોના ઉદાહરણ જોઈએ :

- મૂળ ભાવનગરનો અને હાલ સુરતમાં સ્થાયી થયેલો એક યુવાન ઘનશ્યામ લૂખી, આ યોજનાનો લાભ લઈને અત્યારે ગુજરાતમાં તો ટૂટીફૂટીના ઉત્પાદનમાં પહેલા નંબરે પહોંચી ગયો છે. તબક્કાવાર આગળ વધતાં ફ્રૂટ જેલી, જામ અને સરબતનું ઉત્પાદન અને વેચાણ પણ શરૂ કર્યું છે. અન્ય દેશોમાં નિકાસ પણ કરે છે. આખા ભરતમાં સૂર્ય ઊર્જાથી ચાલતું સૌપ્રથમ ફ્રૂડ પ્રોસેસિંગ યુનિટ તેણે શરૂ કર્યું છે. આજે બીજાં દેશોમાંથી વૈજ્ઞાનિકો તેના યુનિટની મુલાકાત લેવા આવે છે. વધુને વધુ ગ્રામીણ રોજગારી પૂરી પાડવી એ આ યુવાનનું ધ્યેય છે. હાલમાં ૨૦૦ ઉપરાંત લોકોને

રોજગારી પૂરી પાડે છે. ખાદી ઉત્સવ-૨૦૧૨માં તેની સાથે મુલાકાત થઈ. તેણે જાહેરમાં કહ્યું કે કોઈ વ્યક્તિ નક્કી કરે કે મારે સરકારી યોજનાનો લાભ લેવો છે તો એને કોઈ રોકી શકતું નથી. ઊલટાનું તેને મદદ કરવા ઘણા લોકો તૈયાર હોય છે. ૨૦૦૪થી લઈને અત્યાર સુધીમાં તેમણે યોજનાનો લાભ લઈને પચાસ લાખ રૂપિયા મેળવ્યા છે. સંસ્થાને એટલી ઊંચાઈએ લઈ ગયા છે કે વર્ષ ૨૦૧૨-૨૦૧૩માં રૂ. આઠ કરોડનું ટર્નઓવર કર્યું છે અને છેલ્લા ત્રણ વર્ષમાં વિદેશોમાં રૂ. ૧.૮૦ કરોડના ઉત્પાદનની નિકાસ કરી છે.

રાજકોટના એક ગામડાનો યુવાન, મહેન્દ્ર વેકરિયા પ્રજ્ઞાચક્ષુ છે. પીએમઈજીપી યોજનાનો લાભ લઈને આ યુવાન સબમર્સિબલ મોટર રિપેરિંગમાં એટલો બધો આગળ વધી ગયો છે કે તેણે લોનના હપ્તા મર્યાદિત સમય કરતાં પહેલાં પૂરાં કરી દીધા અને એક સમયે જેને પોતાને રોજગારીની સમસ્યા હતી તે બીજાને રોજગારી આપવા માંડ્યો છે.

આવા ઘણા કિસ્સા છે. અને સૌથી મહત્ત્વની બાબત કે આ બંને યુવાનો મદદની અપેક્ષાએ બોર્ડના મકાનમાં પહોંચે એ પહેલાં અમારા ફિલ્ડ વર્કર્સે તેમના સુધી પહોંચીને યોજનાથી માહિતગાર કર્યા હતા. છેક સુધી સાથે રહીને તેમને યોજનાનો લાભ અપાવ્યો છે. એટલે અમારા બોર્ડના કર્મચારીઓ અને અધિકારીઓ માટે પણ મને ગર્વ થાય એવું કામ થઈ રહ્યું છે.

**અન્ય કેટલીક યોજનાઓ :** ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓના મેળાપથી જે નક્કર કાર્યો થઈ રહ્યા છે, તેમાં તેના કાર્યકરોનો અમૂલ્ય ફાળો છે. ખાદી ગ્રામોદ્યોગનું કામ કરતાં ભગવાન ન કરે પણ કંઈ ઈજા થઈ તો કારીગરોને વીમા કવચ પણ મળી રહે છે. વર્ક શેડ માટે સહાય મળે છે.

આ ઉપરાંત ઘણી યોજનાઓ અમલી છે જેમ કે -

- ગુજરાત સરકાર તરફથી પહેલાં ગ્રાહકોને ગુજરાતની ખાદી પર વર્ષમાં ૧૦૮ દિવસ માટે વળતર આપવામાં આવતું હતું, જે વર્ષ ૨૦૧૧ થી ૧૮૦ દિવસ માટે આપવામાં આવે છે.

- ખાદીની વિવિધ સંસ્થાઓ પોતાના ખાદીમંદિરનું હાલના સમયને અનુરૂપ નવસંસ્કર કરવું હોય તો તે માટે વર્ષ ૨૦૦૭થી યોજના અમલમાં છે, જેમાં રૂપિયા અઢી લાખથી પાંચ લાખની મર્યાદામાં સંસ્થાઓને સહાય આપવામાં આવે છે. નવસંસ્કરણ પછી આ સંસ્થાઓના ઉત્પાદનોનાં વેચાણમાં ખાસ્સો વધારો નોંધાયો છે.

- ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની કોઈ પણ યોજના હોય, એટલે તેમાં કેન્દ્રમાં તો કાંતનારા-વણનારા કારીગર જ હોય. કાંતનાર-વણનાર કારીગરોને એમની સંસ્થા તરફથી કાંતણ અને વણાટ માટે જે વળતર ચુકવાય તે ઉપરાંતનું વળતર બોર્ડ દ્વારા ચુકવાય છે. જેમ કે, કાંતનારને નિયત વળતર ઉપરાંત આંટી દીઠ ૩૦ થી ૫૦ પેસા આપવામાં આવે છે. તેવી જ રીતે વણનારને પ્રતિ ચોરસ મીટર દીઠ એક રૂપિયો વીસ પૈસાથી લઈને એક રૂપિયો પચાસ પૈસા બોર્ડ

તરફથી વિશેષ સહાય આપવામાં આવે છે. ખાદી ઉત્પાદન પર લાગુ પડેલા ૨૦ ટકા એમડીએમાંથી કારીગરોને તેમણે મેળવેલી રોજીના પ્રમાણમાં ૫ ટકા અને ૧૫ ટકા ગ્રાહકોને સીધા વળતરરૂપે ચુકવવામાં આવે છે.

કાંતનાર-વણનાર કારીગરોની સંખ્યા અને ખાદીનું ઉત્પાદન વધારવાના હેતુથી હાલમાં જ ૧૦૦ સાળ અને એક હજાર ચરખાનાં વિતરણ માટે રૂ. એક કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે.

**ગાંધીજીને શ્રેષ્ઠ અંજલિ : નવી પેઢીમાં ખાદીનો પ્રસાર અને કારીગરોનું ઉત્થાન :**

ખાદી અને ગ્રામોદ્યોગના આ વિકાસમાં જ્યોતિગ્રામ યોજનાનો બહુમૂલ્ય ફાળો છે. દેશભરમાં સૌપ્રથમ ગુજરાતમાં આકાર પામેલી ૨૪ કલાક વીજળીની સુવિધાને કારણે કાંતનાર-વણનાર કારીગરોની રોજગારલક્ષી ચિંતામાં ઘટાડો થયો છે. ગામમાં પૂરતી વીજળી મળી રહેવાને કારણે તેને સંબંધિત રોજગારી માટે શહેરો પરનું ભારણ ઘટ્યું છે. પણ મને લાગે છે ત્યાં સુધી હજુ એક બાબતે આપણે સૌએ સાથે મળી વિચારણા કરવાની રહે છે. આઠથી દસ કલાક કામ કરનાર અને સારામાં સારું કાંતરનાર કારીગર વણ વર્ષે મહત્તમ ૫૫ થી ૬૦ હજાર અને વણાટકામ કરનાર મહત્તમ ૬૫થી ૭૦ હજાર રૂપિયા રોજગારી મેળવી શકે છે. જેની માસિક સરેરાશ પાંચથી છ હજાર થઈ. આજના સમયમાં તે ઘણી ઓછી કહેવાય. તેમનું ગુજરાન સારી રીતે ચાલે એ માટે વધુ મહેનતાણું આપવાનું અને એ પછી પણ સમયાંતરે તેમાં વધારો કરતાં રહેવાનું આપણે વિચારવું પડશે. મને ખ્યાલ છે કે આની સામે સીધો પ્રશ્ન ખાદીના ભાવવધારા પર થઈ શકે છે, પણ એ પ્રશ્ન તો ત્યારે ઊભો થાયને કે જ્યારે ખાદીકામ કરનારાં કારીગરોની સંખ્યા આપણે જાળવી રાખીએ. ૧૯૯૭-૯૮ પછી બે ત્રણ વર્ષના અપવાદને બાદ કરતાં કારીગરોની સંખ્યામાં ઘટાડો થયો છે. જો કાંતનાર-વણનાર કારીગરો જ નહિ રહે તો આપણે કેવી રીતે ખાદીનું ઉત્પાદન કરીશું ને કેવી રીતે તેનો ભાવ વધારવાનો સમય પણ આવશે ? જો કારીગરોની રોજગારી વધશે તો જ તેમની સંખ્યામાં ઝડપથી વધારો નોંધાશે, તો જ ખાદીનું વધુ ઉત્પાદન થશે, તો જ રંગ અને ડિઝાઈન વૈવિધ્યવાળી ખાદી બજારમાં આવશે અને તો જ યુવાનો ખાદી તરફ આકર્ષાઈને ખાદી તરફ વળશે અને તો જ ખાદીનું વેચાણ વધશે. આ એક ચક્ર છે, ગ્રાહકો માટે શુભ અને ખાદીસંસ્થાઓ માટે લાભદાયી ચક્ર છે. આ શુભ કાર્યની શરૂઆત આપણે જ કરવી પડશે અને સાથોસાથે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તેમના મુખ્યમંત્રીકાળ દરમિયાન સ્વર્ણિમ ગુજરાતના ઊજવણીવર્ષે એક ખાદીમંદિરમાં સામૂહિકપણે ખાદી ખરીદતી વખતે કહ્યું હતું તેમ આપણા સંપર્કમાં આવનારી દરેક વ્યક્તિ વર્ષે ઓછામાં ઓછું એક ખાદીનું વસ્ત્ર ખરીદે એ માટે તેમને પ્રેરવી પડશે. દરિદ્રનારાયણને સશક્ત કરવો જેની સૌપ્રથમ પ્રાથમિકતા હતી, તેવા ગાંધીજીને આનાથી શ્રેષ્ઠ અંજલિ કોઈ હોઈ શન શકે.

'ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રે ગુજરાત શતાબ્દી વર્ષ ૧૯૧૫-૨૦૧૫', પ્ર. આ., પૃ. ૨૧ સાભાર ❑

## (૧૩) સ્ત્રીઓની ક્ષિતિજો વિસ્તરવી જોઈએ

સાને ગુરુજી

ભારતીય સ્ત્રી એટલે ત્યાગમૂર્તિ, તપસ્યા, મૂક સેવા અને અમર આશાવાદ. કુદરત જે પ્રમાણે હોબાળો કર્યા વિના કામ કરતી હોય છે અને ફૂલ ખીલવતી હોય છે, તે પ્રમાણે ભારતીય સ્ત્રીઓ કુટુંબમાં સતત મહેનત કરીને ચૂપચાપ શ્રમ કરીને આનંદનું નિર્માણ કરતી હોય છે. દરેક કુટુંબમાં તમે જુઓ તો પરોઢથી રાતના મોડા સુધી વૈતરું કરનારી એ મહેનતુ મૂર્તિ તમને જોવા મળશે. ક્ષણનો વિરામ નહિ, ખાસ આરામ પણ નહિ.

સ્ત્રી એટલે કે જાણે મૂર્ત કર્મયોગ. એને જાણે કે પોતાની કોઈ સ્વતંત્ર ઈચ્છા જ હોતી નથી. પતિની અને બાળકોની ઈચ્છા એ જ એની ઈચ્છા. પતિને ભાવતું શાક બનાવવું. બાળકોને ભાવતી વાનગીઓ બનાવવી. જે દિવસે પતિ ઘરમાં જમવાના ન હોય તે દિવસે પત્ની પોતાને માટે શાક વગેરે બનાવશે નહિ. અથાણાંની ચીરીથી ચલાવી લેશે. ભારતીય સ્ત્રીએ પોતાની જાતને પતિમાં એક કરી દીધી છે, પરંતુ પતિએ શું કર્યું છે ?

ભક્ત, ભગવાનનો દાસ થાય છે, પણ પછી ભગવાન પણ ભક્તને આધીન થાય છે. એકવાર નારદ, વિષ્ણુને મળવા ગયા તો ભગવાન વિષ્ણુ પૂજા કરી રહ્યા હતા. નારદને આશ્ચર્ય થયું. સમગ્ર ત્રિભુવન જેની પૂજા કરે છે. તેવા વિષ્ણુ કોની પૂજા કરતા હશે ? ભગવાન **વિષ્ણુએ બહાર આવી નારદને કહ્યું કે ભક્તો એમના ભગવાન છે.** જ્ઞાનેશ્વરીમાં એક જગ્યાએ સુંદર ઓવીઓ છે. શ્રીકૃષ્ણ કહે છે કે હે અર્જુન, ભક્ત એ જ મારા સૌથી મોટા દેવ છે !

પ્રેમને કારણે દાસ થવું એટલે એક રીતે તો મુક્ત થવું, પરંતુ આપણે ઘણાં કુટુંબોમાં જોઈએ છીએ કે સ્ત્રીને સુખ થાય, એને આનંદ થાય, એના હૈયાને વિસામો મળે તેની કોઈને ચિંતા નથી. સ્ત્રીના મનની અને હૃદયની ભૂખની કોઈને ખબર છે ખરી ? એના અંતરની વેદના કોઈને સમજાય છે ખરી ? કોઈ પ્રેમથી એની પૂછપરછ કરે છે ખરું ? બધા સ્ત્રીજીવનનાં આંગણાંમાં જ રમતાં હોય છે. એનું અંતર્ગૃહ ઉદાસ છે. સ્ત્રીઓ મૂંગી હોય છે. એમના હૃદય ગૂઢ અને ગંભીર હોય છે. તે પ્રેમની યાચના કરતી હોતી નથી.

ભારતીય પુરુષોને ભારતીય સ્ત્રીઓના હૃદયનો બહુ ખ્યાલ હોતો નથી. સ્ત્રીઓને ખાવાપીવાનું હોય, થોડુંક પહેરવાનું હોય એટલે પૂરતું છે, એમ માની લેવામાં આવે છે. ભારતીય સ્ત્રીઓના મહેનતુપણાનો પુરુષ ગેરવાજબી ફાયદો લેતા હોય છે. તેઓ ઘરમાં સહેજપણ ધ્યાન આપતા નથી. બાળકોનું જોતા નથી. સાજું માંદું જોતા નથી. રાત્રે બાળક રડવા માંડે તો ધમપછાડા કરતા હોય છે. મા બિચારી બાળકને ખોળામાં લઈ છાનું રાખવા મથે છે. પતિની ઊંઘમાં ખલેલ ન પહોંચે એટલે એ કેટલું સાચવે છે.

દુનિયામાં બીજી વ્યક્તિ સાથે મેળ પાડી લેવાનો હોય છે. **દુનિયા એટલે સહકાર, બાંધછોડ અને આપ-લે, પણ પતિ, પત્નીની સાથે આવો વ્યવહાર નથી રાખી શકતો.** પત્નીમાં પ્રેમનું બળ હોય છે એટલે ગમે તેવા પતિને અને ઘરની કુટુંબની પરિસ્થિતિને સંભાળી લે છે. આખરે ઘર એટલે માણસમાં માણસાઈ કેળવવા માટેની શાળા છે.

પરંતુ મારી માન્યતા છે કે ભારતીય સ્ત્રીઓના ઉપરના પ્રકારના વ્રતમાં નબળાઈ દૂર થઈને પ્રખરતા આવે અને તે જ પ્રમાણે એમની

પ્રેમવૃત્તિમાં વિશાળતા આવે એમ હું ઇચ્છું છું. સ્ત્રીઓનો પ્રેમ ઊંડો હોય છે, પણ લાંબોપહોળો નથી હોતો. એમની દૃષ્ટિની મર્યાદા ખૂબ સંકુચિત હોય છે. કુટુંબથી દૂર એમનું ખાસ ધ્યાન હોતું નથી. એટલે સ્ત્રીઓ ઝઘડાનું કારણ હોય છે એમ કુટુંબમાં કહેવાય છે. **સ્ત્રીઓની ક્ષિતિજો વિસ્તરવી જોઈએ.** એમને આજુબાજુની દુનિયાનો વિચાર હોવો જોઈએ. ભેદભાવ ઓછો કરવો જોઈએ. પતિ અને પોતાનાં બાળકો સિવાય દુનિયા નથી એવું તેમને ના લાગવું જોઈએ.

વકીલની પત્નીને લાગશે કે આપણો પતિ પુષ્કળ પૈસા કમાય છે. રહેવા માટે મજાનો બંગલો વગેરે બધું જ છે એટલે આપણે સુખી છીએ, પણ વકીલની પત્નીની દૃષ્ટિ વિશાળ બનવી જોઈએ. એણે વિચારવું જોઈએ કે આ પૈસા ક્યાંથી આવે છે ? અસીલોના ઝઘડા ઉકેલવાને બદલે તે વધે એવું તો એ કંઈ નથી કરતાને ? મારા માટે ઘરેણાં, રેશમી સાલ્લા વગેરે વૈભવ માટે પૈસા કેવી રીતે આવે છે એ એણે વિચારવું જોઈએ. વેપારીની પત્નીએ પણ આવો જ વિચાર કરવો જોઈએ. મારો પતિ ગરીબોને રંજાડતો નથીને ? ગરીબનાં બાળકો ભૂખ્યાં તો નથીને ? ગેરવાજબી વ્યાજ કે નફો તો નથીને ? સરકારી નોકરની પત્નીએ વિચારવું જોઈએ કે મારો પતિ લાંચબાંચ લેતો તો નથીને ? આપણે ત્યાં પૈસા ક્યાંથી આવે છે ? આ ઘી, શાકભાજી ક્યાંથી આવે છે. મારો પતિ અન્યાયથી તો આ બધું નહિ લાવતો હોયને ?

ભારતીય સ્ત્રીઓ પોતાના મનને આવા પ્રશ્નો ક્યારેય પૂછતી નથી. પતિ પણ પત્નીને અજ્ઞાનના અંધકારમાં રાખે છે, પણ પત્નીએ ન ભૂલવું જોઈએ કે પતિના પાપમાં એ પણ ભાગીદાર હોય છે. હજારો ખેડૂતોને-ગરીબોને રડાવી મારો પતિ મને સોનામોતીથી મઢાવી રહ્યો છે, આવા વિચારો જો ભારતીય સ્ત્રીઓના હૃદયમાં જાગે તો એ ખળભળી ઊઠશે, કારણ કે **ધર્મ એ ભારતીય સ્ત્રીઓનું જીવન છે.**

ભારતીય સ્ત્રી, ભગવાન, ભગવાન કર્યા કરે છે, પણ એનો ઘરસંસાર પાપકર્મોથી ચાલી રહ્યો છે એ વાત એમને અજ્ઞાનને કારણે સમજાતી નથી. તેઓએ હવે આમ અજ્ઞાનમાં ના રહેવું જોઈએ. દૃષ્ટિને ખુલ્લી અને વ્યાપક બનાવવી જોઈએ. તો જ જીવનમાં ધર્મ આવશે. એક તરફ પતિ પૈસા ક્યારે, ક્યાંથી, કેટલા લાવે છે તેની ખબર તેમને હોતી નથી અને બીજી બાજુ દાનધર્મ તરીકે આપેલો, ભગવાન આગળ મૂકેલો, તીર્થક્ષેત્રે આપેલો પૈસો ક્યાં જાય છે, એનો પણ કોઈ પત્તો કે ખબર એમને નથી હોતી. જો સ્ત્રીઓ વિચારશે તો જ તેમને આ મારી વાત સમજાશે.

ભારતીય સ્ત્રી ધ્યેય પાળનારી છે. સમાજમાં જે નવા ધ્યેયનું નિર્માણ થાય તે સ્ત્રીઓ સુધી પહોંચવું જોઈએ. ગાયનો મહિમા, અતિથિને આવકાર, શુચીભૂતતાનું તત્ત્વ, અગિયારશ, ઉપવાસ, તીર્થયાત્રા, નદીસ્નાન વગેરેની હોંશ સ્ત્રીઓને જ હોય છે. પુરુષોએ નિર્માણ કરેલ ધ્યેય સ્ત્રીઓ સુધી પહોંચશે તો પછી પુરુષો ધ્યેયને જાળવી રાખશે. આ ભારતીય સ્ત્રીની મોટી વિશેષતા છે.

આજે જે નવા નવા ધ્યેયો ઊભા થઈ રહ્યા છે એ ધ્યેયો સ્ત્રીઓ સુધી પહોંચશે તો જ ટકી શકશે. હરિજનસેવા, ગ્રામોદ્યોગ, ખાદી, સ્વદેશી વગેરે નવાં વ્રતો, આ નવો દયામય અને પ્રેમમય ધર્મ, આ સેવાધર્મ એમના હૃદય સુધી પહોંચવો જોઈએ. આ નવા ધર્મ એકવાર એમને સમજાય-રુચે એટલે એ રાષ્ટ્રનો ધર્મ થઈ જ ગયો સમજો. નવા ધ્યેયોનું નિર્માણ કદાચ સ્ત્રીઓ ના કરે, પણ જે ધ્યેયો એ સ્વીકારશે એને મરવા પણ નહિ દે.

'ભારતીય સંસ્કૃતિ', પ્ર.આ., પૃ. ૧૨૪ ❑

તા. ૨૨-૭-૧૯૭૬

જેમણે જેમણે મને મદદ કરી છે, મારું કામ કર્યું છે.
તેમનો તેમનો આભાર માનું છું. ભગવાન તેમનું
યશકલ્યાણ કરો.

- મોટા

અમારાનું અમે છાનું રાખ્યું છે ના,
બધું ખુલ્લે ખુલ્લું સરળ સરળ રીતે લખેલું.
ન લખાયેલું, ન વિદ્વાનોએ ન કવિઓએ
કદી પણ ન લખેલું છે.
અમે અમારી મેળે તો કદી ના લખેલું છે.
કદી કોઈના કહેવાથી-ને પૈસા તેના દેવાથી
અમે એનું એમ લખેલું.
કદી પણ ગુજરાતી સાહિત્યમાં ન લખાયેલું લખેલું.
('નિમિત્ત', 'શ્રદ્ધા', 'શ્રીસદ્‌ગુરુ', 'ભાવ', 'રાગદ્વેષ', 'સ્વાર્થ')
એવું એવું કોઈને સૂઝેલું ને લખેલું.
તેનો જશ મારા પ્રભુને ફાળે જાય.
કદી વિચારીને લખ્યું નથી.
દરેક કાવ્ય થોડાક વખતમાં લખેલું,
ને તે પણ લખાણના પૈસા મળેલા છે ત્યારે.

- મોટા

તા. ૨૨-૭-૧૯૭૬

અનુસંધાન ટાઈટલ પેજ - ૪

**HARIBHAV JULY - 2015**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"

'ઉમળકાથી અમે કરેલું છે,
નિરાશાને તો અમે સ્વપ્ને ન જાણી છે,
આવેલા કામને પૂરા હર્ષથી સ્વીકાર્યું છે,
ગુરુમહારાજના હુકમને આનંદથી પાળ્યો.'

'ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે માણસ જેવા થઈ આપણા આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે. ખરે વખતે ખરા વખતના ભક્તનું ન અટકી રાખે છે. નિજના ભક્તનું કામ કદી પણ ન અટકાવે છે.'

- મોટા

તા. ૨૨-૭-૧૯૭૬

'ભગતમાં ભગવાન', છઠ્ઠી આવૃત્તિ, પૃ. ૫૩૧

Printed and Published by **PRABHUDAS D. JANI** on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - **PRABHUDAS D. JANI** E-mail : **hariwanitrust@gmail.com**